|| શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ||

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદયસૂરિભ્યો નમઃ

# વીર સ્વપ્નોત્સવ

## (જન્મ વાંચન દિવસ)

## (પર્વાધિરાજ પ્રવચન માલા)

પંચમ
દિવસ
૫

**સંપાદન**

ગુણોદય મુક્તિ જય આશિષે
શાસન પ્રભાવિકા
પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સુશિષ્યા
**સા. જયદર્શિતાશ્રીજી**

**પ્રકાશન**

**શ્રી શત્રુંજય એકેડેમી,
ચાલીસગામ**

: પ્રત :

૫૦૦

આગમ અભ્યાસી

# પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની
# સંયમ શતાબ્દિ પ્રસંગે

પ્રકાશિત

સં.૨૦૮૦

ઈ.સ. ૨૦૨૪

પ્રકાશન તથા પ્રાપ્તિ સ્થાન

શ્રી શત્રુંજય એકેડેમી

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય

સ્ટેશન રોડ, ચાલીસગામ. જિ. જલગામ

પીન - ૪૨૪૧૦૧

મુદ્રક - અશોક પ્રિન્ટરી, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# સાદર સમર્પણ

સિદ્ધાચલ સ્નેહિ... નવકાર મંત્રારાધિકા...
અપ્રમત સંયમી... વૈયાવચ્ચ પ્રેમી... આગમ અભ્યાસી...
પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના દીક્ષા શતાબ્દિ પ્રસંગે

## સાદર સમર્પણ

– સા. જયદર્શિતાશ્રીજી
સા. હિમાંશુશ્રીજી





# મંગલમય વાત

પર્વાધિરાજ પર્વ !

એક અમુલ્ય અવસર !

આઠ આઠ દિવસ, આઠ કર્મોને નબળા પાડવા માટે સાધના-આરાધનાની ધૂણી ધખાવવાનો મંગલમય સુઅવસર.

કદિ દેરાસર ન આવનાર દેરાસરમાં આવે. કદિ દર્શન-પૂજા ન કરનાર પ્રભુની ભક્તિ ભાવથી વ્યાખ્યાનાદિના શ્રવણથી જીવન ધન્ય બનાવે. કલ્પસૂત્રના શ્રવણથી પવિત્ર બને.

ઘણા સમયથી શ્રાવક વર્ગની માંગણી હતી કે પર્વાધિરાજ પર્વના પ્રવચનની પુસ્તિકા છપાય તો કલ્પસૂત્રના વાંચનથી વંચિત રહેતા સામાન્ય જીવો પણ કલ્પસૂત્રના સારને એ પ્રવચનોના માધ્યમથી જાણી શકે.

એકદા આ વાત મનને સ્પર્શી ગઇ અને પર્વાધિરાજના સાત દિવસના પ્રવચનોની સાત નાની પુસ્તિકાઓ છપાવી પ્રસિદ્ધ કરવાનો સંકલ્પ કર્યો. આજે આ સંકલ્પ સાકાર થયો. સાત દિવસની સાત પુસ્તિકાઓ પર્વાધિરાજ પ્રવચનમાળાના સાત પુષ્પો રૂપે તમારા સહુના હાથમાં આપતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સહુ એના પઠન, પાઠન, શ્રવણ, વાંચનથી આત્મ કલ્યાણ સાધે એ જ મંગળ પ્રાર્થના.

લાભાર્થી પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના...

પર્વાધિરાજ પ્રવચનમાળાના લખાણમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

– સા. જયદર્શિતાશ્રીજી

# ...તમે લાભ સવાયા લીધા...

## શ્રુત રત્ન સ્તંભ

★ મા. દેવકુંવરબાઈ ડૉ. મેઘજી વેલજી ધરમશી ગોરખડી
હ. ડૉ. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા – તાડદેવ.

★ કુ. વિરતી સુનિલ ખોના (વાંકુ) જલગાંવ

## શ્રુત સૂવર્ણ સ્તંભ

* કુ. શ્રુતિ પ્રફુલ વશનજી ગાલા (કોટડી મહાદેવપુરી) મુલુંડ
* સૌ. શર્મિલા ગિરીષ મૈશેરી (નાની સિંધોડી) ભાંડુપ
* કુ. વિયાના ચિરાગ લોડાયા (બારોઈ) જલગામ
* શ્રી ભાઈલાલભાઈ લખમશી લાલન (કોડાય) ઘાટકોપર
* સ્વ. સુધીરભાઈ ચીમનલાલ મોતા (સુથરી) અહમદનગર
* શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (સાંયરા) ચાલીસગામ
* સૌ. ભાવનાબેન મનિષ લોડાયા (વારાપધ્ધર) ચાલીસગામ

સર્વ શ્રુત લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના


## શ્રુત રજત સ્તંભ

* સૌ. મીનલ દિનેશ કામાણી (પરજાઉ) ઈંદોર
* ચિ. ઝિહાન સ્નેહલ જીતેન શાહ (હાલાપર) માટુંગા
* મા. કસ્તુરીબેન જયકુમાર મોમાયા (સાંયરા) ધુલિયા
* સૌ. રેખાબેન લલિત મોમાયા (સાંયરા) ચાલીસગામ
  સૌ. નેહા રવિકાંત તિવારી, સૌ. નમ્રતા આશિષ અરોરા,
  ચિ. નાયસા, ચિ. નિવિક
* ચિ. લય તેજસ લાલકા (મુલુંડ) કુ. યશા,
  વેદા કીંશુક લાલકા (સેંધવા)
* અક્ષિતા નાગડા (ઘાટકોપર), જીનલ નાગડા (હુબલી),
  સાચી શાહ (યુ.એસ.એ.)


ભાદરવા સુદ – ૫,
પંચમ દિવસ

# વીર સ્વપ્નોત્સવ

(જન્મ વાંચન દિવસ)




જન્મ–જરા–મૃત્યુ એ સંસાર છે...
અહિં રોજ અનેક જન્મે છે... મરે છે...
કોની નોંધ લેવાય છે ?




આજે ૨૬૦૦–૨૬૦૦ વરસ પછી પણ
જેમના જન્મની નોંધ લેવાય છે.




જેમનો જન્મોત્સવ જ નહિં
જેમનો જન્મ વાંચનોત્સવ પણ રંગે ચંગે ઉજવાય છે..





આવી એક વિરલ વિભૂતિ

## પ્રભુ મહાવીર




જેમના ચ્યવન કલ્યાણકે માતા
**ચૌદ મહા સ્વપ્ન** નિહાળે છે.

આવો આજે આ મંગલકારી...કલ્યાણકારી...
આત્મોદ્ધારક ચૌદ મહાસ્વપ્નોના
સ્વરૂપને... અર્થને...રહસ્યને
પામવા પુણ્યશાળી બનીએ.




# ચૌદ મહાસ્વપ્નોત્સવ

વિશ્વ અનેક ચિત્ર-વિચિત્ર ઘટનાઓનું અજાયબી ઘર છે. વિશ્વના વિવિધ વિભાગોમાં વિવિધ પ્રસંગો બનતા જાય છે કેટલાક પ્રસંગોની નોંધ લેવાય છે કેટલાક પ્રસંગોની નોંધ પણ લેવાતી નથી. આપણા જીવનનો જ વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવે કે આપણા જીવનમાં પણ અનેક પ્રસંગો બને છે. પણ બધા સ્મૃતિમાં સ્થાન પામતા નથી.

આપણે જીવનમાં વિવિધ અવસ્થાઓમાંથી પસાર થઈએ છીએ. ક્યારેક જાગૃત દશામાં હોઈએ.... ક્યારેક નિદ્રા અવસ્થામાં હોઈએ... ક્યારેક સ્વપ્ન દશામાં હોઈએ છીએ. સ્વપ્નદશા અનોખી છે. ક્યારેક જાગતાં જાગતાં સ્વપ્નદશામાં સરી પડીએ. ભાવિના કોઈ સુંદર આશાના મિનારાઓ બાંધી લઈએ. સામાન્યતાથી જાગૃત અવસ્થામાં જે સપનાઓ સજીએ એ સોહામણા, શુભ, સુંદર આનંદદાયી હોય છે. જ્યારે નિદ્રા અવસ્થામાં જે સ્વપ્ન નિહાળીએ એમાં વિવિધતા જોવા મળે છે. ક્યારેક સુખદ હોય... ક્યારેક દુઃખદ હોય... ક્યારેક ભયાનક હોય... ક્યારેક સાંત્વના દેનારા હોય. આપણે ક્યારેય આ સ્વપ્નની દુનિયાનો વિચાર કર્યો છે ? શાસ્ત્રોમાં તીર્થંકર માતાને આવતા ચૌદ મહાસ્વપ્નના પ્રસંગથી સ્વપ્નલોકનું સુંદર રોચક વર્ણન કરવામાં આવ્યું છે. કલ્પસૂત્રમાં એનો અદ્‌ભૂત વિસ્તાર છે.

આવો ! આપણે કલ્પસૂત્રના આધારે આજે પર્વાધિરાજ પર્વના પાંચમા દિવસે પ્રભુ મહાવીર સ્વામીના જન્મ વાંચન અવસરે સ્વપ્ન મહોત્સવ પ્રસંગે સ્વપ્નોના રહસ્યને સમજવાનો પ્રયાસ કરીશું.

ચૌદ મહાસ્વપ્ન તીર્થંકર પરમાત્માની માતાને તીર્થંકર પરમાત્મા ગર્ભમાં આવે છે ત્યારે આવે છે. આનંદકારી... મંગલકારી... કલ્યાણકારી... મનોહર, ધન્ય, શુભ એવા ચૌદ મહાસ્વપ્નની વિચારણા આપણે ત્રણ પ્રકારે કરીશું.

(૧) પ્રથમ ત્રિશલા રાણીએ જેવા જોયા અને સિદ્ધાર્થ રાજાને કહ્યા તે **બાહ્ય સ્વરુપી સ્વપ્ન વિજ્ઞાન.**

(૨) પછી જ્યોતિષો દ્વારા એ સ્વપ્નના ફળ અને અર્થને જણાવતું **ફળ સ્વરુપી સ્વપ્ન વિજ્ઞાન.**

(૩) મહાપુરુષો દ્વારા સ્વપ્નના આધ્યાત્મિક અર્થ સાથે આત્મવિકાસને જણાવતું ચૌદ ગુણસ્થાનક સાથે સરખામણી કરી મોક્ષમાર્ગને પ્રકાશતું **આત્મસ્વરુપી સ્વપ્ન વિજ્ઞાન.**

## બાહ્ય સ્વરુપી સ્વપ્ન વિજ્ઞાન

ત્રિશલા રાણીએ જોયેલા અને સિદ્ધાર્થ રાજા સમક્ષ વર્ણન કરેલા ચૌદ સ્વપ્નનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) **પ્રથમ સ્વપ્ન**માં ત્રિશલારાણીએ ચાર દાંતવાળા, મુક્તાફળ, ક્ષીર સમુદ્ર, ચંદ્રના કિરણ જેવા ઉજ્વળ વર્ણ વાળા તથા જ્યાં સુગંધના કારણે ભમરાઓ એકઠા થયા છે એવા અત્યંત સુવાસિત મદના જળથી સુગંધયુક્ત કરેલા કપાળના મૂળભાગવાળા, ઈન્દ્રના હાથીના સમાન શ્રેષ્ઠ પ્રમાણવાળા, તથા જલ સહિત આકરા મહામેઘની ગર્જના સમાન ગંભીર મનોહર શબ્દવાળા વખાણવા યોગ્ય તથા સર્વ લક્ષણના સમૂહવાળા તથા શ્રેષ્ઠ સાથળોવાળા હાથીને જોયો.

卐 卐 卐 卐 卐

(૨) **બીજા સ્વપ્નમાં** ઉજ્વળ એવા કમળપત્રના સમૂહથી અધિકરુપ કાંતિવાળા, કાંતિના સમૂહના વિસ્તાર વડે સર્વ બાજુથી દશે દિશાને નિશ્ચે શોભાવતાં એવાં, અત્યંત શોભાના સમૂહની પ્રેરણાથી ઉછળતા તેજવંતપણાથી શોભતા મનોહર સ્કંધવાળા, સૂક્ષ્મ-નિર્મલ અને સુકુમાળ રુંવાડાની ચળકતી કાંતિવાળા, દૃઢ મજબૂત માંસયુક્ત હોવાથી પુષ્ટ, ઉત્તમ એવા યોગ્ય સ્થાને રહેલા સર્વ અવયવોએ કરી સુંદર અંગવાળા, મજબૂત ગોળાકાર અને અત્યંત શ્રેષ્ઠ એવા સુંવાળા અણીદાર બે સિંગડાવાળા, સરળ તથા ઉપદ્રવોને શાંત કરનારા, તથા સરખા શોભતાં દાંતવાળા, પ્રમાણ વિનાના ગુણોવાળા, મંગલોનું મુખ અર્થાત્ આગમનના કારણ એવા બળદને જોયો.

卐 卐 卐 卐 卐

(૩) **ત્રીજા સ્વપ્નમાં** સિંહને જોયો. એ સિંહ મોતીની માળા, ક્ષીરસાગર, ચંદ્રના કિરણો વિગેરેની જેમ ઉજ્વળ હતો. મનોહર - જોવાલાયક, મજબૂત સુંદર પોંચાવાળો હતો. ગોળ પુષ્ટ, એક બીજાને અડીને રહેલી ઉત્તમ તીક્ષ્ણ દાઢોથી શોભતા મુખવાળો હતો. સારી રીતે સિંચેલા જાતિવંત કમળ સમાન કોમળ પ્રમાણયુક્ત શોભતા મનોહર બે હોઠવાળો હતો, રાતા કમળની પાંખડી જેવા સુકુમાર તાલવાવાળો હતો, મુખથી બહાર લપલપ કરતી સુંદર જીભવાળો હતો. સોનું ગાળવાના પાત્રમાં મૂકીને તપાવેલા શ્રેષ્ઠ સુવર્ણ જેવી ગોળ ફરતી વિજળી જેવી ચમકતી બે આંખવાળો હતો. વિશાળ, પુષ્ટ અને ઉત્તમ જાંઘવાળો હતો. પૂરિપૂર્ણ નિર્મળ કાંધવાળો હતો. કોમળ, ઉજ્વળ, સૂક્ષ્મ અને ઉત્તમ લક્ષણવાળો હતો. લાંબા ખાંધ ઉપર રહેલી કેશવાળોથી શોભતો અને

ઉંચું કરેલ, વાંકુ વળેલ, ગોળાકાર કરેલ તથા શોભા પામે તેમ પછડાતાં પુંછડાવાળો હતો. વળી તે સિંહ મનની ક્રુરતા વિનાનો, સુંદર આકૃતિવાળો, લીલા સહિત ગતિવાળો, મજબૂત અને તીક્ષ્ણ નખની અણીઓવાળો, મુખની શોભા કરનારી રાતી કોમળ વૃક્ષના નવા પાંદડા જેવી મનોહર લાંબી જીભવાળો હતો.

卐 卐 卐 卐 卐

(૪) **ચોથા સ્વપ્નમાં** પૂર્ણચંદ્ર જેવા મુખવાળી લક્ષ્મીદેવીને ત્રિશલા રાણીએ જોઇ. લક્ષ્મી દેવી કેવા છે ? ઊંચા હિમવંત પર્વત ઉપર પદ્મદ્રહના કમળ ઉપર રહેવાવાળી છે... મનોહર રૂપવાળી, સારી રીતે સ્થાપના કરેલા સૂવર્ણના બે કાચબાની ઉપમાવાળા બે ચરણવાળી, અતિ ઉંચા અને પુષ્ટ જે અંગુઠાદિકમાં જાણે લક્ષ્મીદેવીએ પોતે લાખ વિગેરેથી રંગેલા હોય તેવા માંસયુક્ત સૂક્ષ્મ રાતા ચીંકણા નખોવાળી તથા કમલપત્રની જેમ સુકોમળ હાથપગવાળી, કોમળપણાથી ઉત્તમ એવી આંગળીઓવાળી, કુરુવિદાવર્ત નામના આભૂષણથી સુશોભિત એવી પ્રથમ વધારે જાડી અને પછી થોડી થોડી જાડી એવી હાથીના સૂંઢની જેમ શોભતી બે જંઘાવાળી, ગુપ્ત ઢીંચણવાળી, ઉત્તમ હાથીની સૂંઢ જેવી પુષ્ટ સાથળવાળી, સોનાના બનાવેલા કંદોરાને ધારણ કરનારી, મનોહર તથા વિશાળ કેડવાળી, તેલમાં ઘુંટેલા જાતિવંત અંજન, ભમરા અને મેઘનો સમૂહ તેના જેવી શ્યામ કાળી તથા સીધી આંતરા વિનાની સૂક્ષ્મ, સુભગ, વિલાસ સહિત, મનોહર, કોમળ એવા સરસવ વિગેરેના પુષ્પોથી પણ કોમળ સુંદર રુંવાડાની પંક્તિવાળી, નાભિમંડળના સુંદર વિશાળપણાએ કરી વખાણવા લાયક, ત્રણ રેખાઓવાળા મધ્યભાગ એટલે કેડવાળી તથા વિવિધ પ્રકારના ચંદ્રકાંત વિગેરે મણિઓ, સુવર્ણ, વૈડુર્ય આદિક

રત્નો અને નિર્મળ રાતા વર્ણવાળા સુવર્ણના કંઠ વિગેરે અંગમાં પહેરવાના આભરણો તથા અંગુલી વિગેરે ઉપાંગમાં પહેરવાના આભૂષણોથી સુશોભિત અંગોપાંગવાળી, મોતીઓ વિગેરેની માળાઓથી શોભતા અને મોગરાદિ પુષ્પમાળાથી યુક્ત દેદીપ્યમાન બે સ્તનરૂપ ઉજ્વળ સુવર્ણકળશને ધારણ કરનારી, યથાયોગ્ય સ્થાને રચેલા પાનાનાં આભૂષણે કરી તેમજ નેત્રને સુખ કરનારા મોતીઓના ગુચ્છથી ઉજ્વળ એવા મોતીના હારથી શોભતી, હૃદયમાં રહેલી સૂવર્ણમાળાથી સુશોભિત કંઠના રત્નમય દોરાથી શોભી રહેલી, જાણે મુખના કુટુંબી હોય નહીં ? એવા ખભા ઉપર અડી રહેલા બે કુંડલોની દેદીપ્યમાન કાંતિવાળા શોભાના ગુણોના સમુદાયે કરી બિરાજિત થયેલી, કમળના જેવા નિર્મળ વિશાળ અને મનોહર નેત્રવાળી, કાંતિવાળા બે હાથ વડે ગ્રહણ કરેલા કમળોથી ઝરતા મકરંદરૂપી જળવાળી તથા લીલાવડે પવન કરવા માટે વીંઝાતા પંખાવડે શોભતી, સારી રીતે મેળવેલો નિર્મળ, અર્થાત્ છૂટા કાળા ઘટા અને સુકોમળ લંબાયમાન કેશપાશવાળી, પદ્મદ્રહના કમળમાં નિવાસ કરનારી, હિમવંત પર્વતના શિખરો પર ઐરાવણાદિક દિગ્હસ્તિઓની લાંબી અને પુષ્ટ એવી સૂંઢો વડે અભિષેક કરાયેલી, ઐશ્વર્યાદિકથી યુક્ત એવી લક્ષ્મી દેવીને જોઇ.

લક્ષ્મીદેવીનું વર્ણન કર્યો પછી હવે લક્ષ્મીદેવી જે કમળ ઉપર નિવાસ કરે છે તેનું વર્ણન કરે છે.

ભરતક્ષેત્રના છ ખંડને અંતે ઉત્તર દિશામાં એક સૂવર્ણમય ચુલહિમવંત નામનો પર્વત છે. જે સો યોજન ઉંચો, એક હજાર બાવન યોજન અને બાર કળા પહોળો છે. તે હિમવંત પર્વત ઉપર દશ યોજન ઉંડો પાંચસો યોજન પહોળો અને એક હજાર યોજન લાંબો વજ્રમય તળીયાવાળો પદ્મહ્રદ નામનો ધરો છે. સંપૂર્ણ પાણીથી

ભરેલો અને શાશ્વતો છે. તે પાણીથી બે ગાઉ ઉંચુ, એક યોજન પહોળું. એક યોજન લાંબુ, દશ યોજનના નીલરત્નમય નાળવાળું, વજરત્નમય મૂળવાળું, અરિષ્ટરત્નમય કંદવાળું, રાતા સૂવર્ણના બહારના પાંદડાવાળું, પીત સૂવર્ણમય અંદરના પાંદડાવાળું એક કમળ છે, તેમાં સૂવર્ણમય કર્ણિકા છે, તે બે ગાઉ લાંબી અને પહોળી અને એક ગાઉ ઉંચી છે. તેના રાતા સૂવર્ણમય કેશરાં છે. તે કમળના મધ્ય ભાગમાં એક ગાઉ લાંબુ, અર્ધો ગાઉ પહોળું અને એક ગાઉથી કાંઈક ઉંચું એટલે ચઉદશો ચાલીશ ધનુષ્ય ઉંચું, એવું લક્ષ્મી દેવીનું ભુવન છે. તે ભુવનની પૂર્વ, દક્ષિણ, અને ઉત્તર દિશામાં પાંચસો ધનુષ્ય ઉંચા અને અઢિસો ધનુષ્ય પહોળાં એવા ત્રણ બારણાં છે. તે ભુવનના મધ્યભાગમાં અઢીસો ધનુષ્યના પ્રમાણવાળી રત્નમય પીઠિકા છે, તેના ઉપર લક્ષ્મીદેવીની શય્યા છે.

હવે આ મુખ્ય કમળની આજુબાજુ લક્ષ્મીદેવીના આભૂષણોથી ભરપૂર, ગોળ આકારના અને મુખ્ય કમળથી અર્ધા પ્રમાણવાળા ૧૦૮ કમળો પ્રથમ વલયમાં છે. બીજા વલયમાં વાયવ્ય, ઈશાન અને ઉત્તર દિશામાં ચાર હજાર સામાનિક દેવોના ચાર હજાર કમળો છે. પૂર્વ દિશામાં ચાર મહત્તર દેવોના ચાર કમળો છે. અગ્નિ ખૂણામાં ગુરુસ્થાને રહેલા અભ્યંતર સભાના દેવતાઓના આઠ હજાર કમળો છે. દક્ષિણ દિશામાં મિત્ર સ્થાનમાં રહેલા મધ્યમ પર્ષદાના દેવોના દશ હજાર કમળો છે. નૈઋત્ય ખૂણામાં નોકર સ્થાને રહેલા બાહ્ય પર્ષદાના દેવોના બાર હજાર કમળો છે તથા પશ્ચિમ દિશામાં હાથી, ઘોડા, રથ, પાયદળ, પાડા, ગંધર્વ અને નાટ્યરુપ સાત કટકના નાટકોનાં સાત કમળો છે.

ત્રીજા વલયમાં લક્ષ્મીદેવીના અંગરક્ષક સોળ હજાર દેવોના પ્રત્યેક દિશામાં ચાર-ચાર હજાર કમળો છે. ચોથા વલયમાં અભ્યંતર આભિયોગિક દેવતાના ચાલીશ લાખ કમળો છે. પાંચમા વલયમાં મધ્યમ આભિયોગિક દેવતાનાં વસવાનાં બત્રીસ લાખ કમળો છે. છટ્ઠા વલયમાં બાહ્ય આભિયોગિક દેવોના અડતાલીશ લાખ કમળો છે. મૂળ કમળ સહિત સર્વ કમળોની સંખ્યા એક ક્રોડ વીશ લાખ, પચાશ હજાર, એકસો ને વીશ થાય છે. એ બધા કમળો શાશ્વતાં છે... પૃથ્વીકાયિક છે. પરંતુ વનસ્પતિકાયિક કહેવાય છે. એ કમળો મુખ્ય કમળથી માંડીને અનુક્રમે અર્ધા-અર્ધા પ્રમાણનાં જાણવાં. સર્વે કમળોમાં વસતા દેવો, લક્ષ્મીદેવીના સેવકો જાણવા. લક્ષ્મીદેવીએ ભવનપતિના દેવી છે.

卐 卐 卐 卐 卐

(૫) **પાંચમાં સ્વપ્નમાં** ત્રિશલા રાણીએ બે ફુલની માળા જોઇ. આ માળા રસ સહિત કલ્પવૃક્ષના પુષ્પોથી ગૂંથેલી હતી. અત્યંત મનોહર હતી. ચંપો, અશોક, પુન્નાગ, નાગ, પ્રિયંગુ, શિરીષ, મુદ્‌ગર, મલ્લિકા, જાઇ, જૂઇ, અંકોલ, કોજ્જ, કોરંટ, ડમરાના પાન, નવમાલિકા, બકુલ, તિલક, વાસંતી, સૂર્ય વિકાસી કમલ, ચંદ્રવિકાસી કમળ, પાડલ, મચકુંદ, અતિમુક્ત અને આંબો એ સર્વ જાતિના પુષ્પોની સુગંધવડે દશે દિશાઓને સુવાસિત કરતી, છ એ ઋતુઓમાં થનારા સુગંધી ફુલોની મનોહર લાગતી તથા દેદીપ્યમાન, મનોહર, રાતા-પીળા વગેરે ઘણા રંગની બનાવટથી આશ્ચર્ય કરનારી હતી તથા મધુર શબ્દો કરતા ષટ્‌પદ ભમરા અને ભમરીઓનાં સમૂહ અંદર છૂપાઇ રહેલા હોવાથી જુદા જુદા ભાગોમાં શ્રવણ કરાતા અવાજોવાળી હતી.

卐 卐 卐 卐 卐

(૬) **છઠ્ઠા સ્વપ્નમાં** ગાયના દુધની ફીણ, પાણીના બિંદુઓ અને રુપાના ઘડા જેવો ઉજ્વળ, મનોહર અને હૃદય તથા નેત્રને પ્રીતી કરનારા, સોળે કળાઓથી પૂનમના ચંદ્રની જેમ સંપૂર્ણ, અંધકારના સમૂહથી ખીચોખીચ ભરેલી એવી વનની ઝાડીરૂપ ગુફાઓને પ્રકાશિત કરનારા પ્રમાણ કરનારા શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ તેઓની મધ્યમાં રહેલા પૂર્ણિમાને વિષે શોભતી કળાવાળા ચંદ્રવિકાશી કમળોનાં વનને વિકસ્વર કરનારા, રાત્રિની શોભાને કરવાવાળા રાખ વિગેરેથી ઘસેલા આરીસાના તળીયા સમાન ઉપમાવાળા, હંસ સમાન મનોહર સફેદ રંગવાળા, ગ્રહઆદિક જ્યોતિષમંડળના મુખના આભુષણ સમાન, અંધકારના શત્રુ, કામદેવના બાણના ભાથારૂપ, સમુદ્રના પાણીને પૂરનારા, પ્રિયજનના વિયોગને કારણે વ્યાકુળ થયેલા માણસને કિરણો વડે સુકવી નાખનારા અર્થાત્ દુઃખ આપનારા, શાંત અને મનોહર રુપવાળા, આકાશ મંડળના વિશાળ અને સુંદર આકારવાળા હાલતા ચાલતા તિલક સમાન, રોહિણી નામની સ્ત્રીના મનને અનુકુળતા આપનાર ભર્તાર સમાન તથા જ્યોત્સ્ના વડે શોભતા અને વાદળાં આદિકથી નહીં ઢંકાયેલા એવા સંપૂર્ણ ચંદ્રને જોયો.

卐 卐 卐 卐 卐

(૭) **સાતમા સ્વપ્નમાં** અંધકારનો નાશ કરનારા, તેજ વડે જાજ્વલ્યમાન રૂપવાળા, રાતા અશોકવૃક્ષ, પ્રફુલ્લિત થયેલા કેસૂડાનાં ફૂલો, પોપટનું મુખ અને અડધી ચણોઠી એટલાં પદાર્થોના સરખા રાતા વર્ણવાળા, કમળના વનને વિકસ્વર કરનારા, ગ્રહાદિક જ્યોતિશ્ચક્રની ગતિના લક્ષણને મેષ આદિક રાશિ વડે જણાવનારા, આકાશતલને દીવાની જેમ પ્રકાશ કરનારા, બરફના સમૂહનો નાશ કરનારા, ગ્રહોના સમૂહના મોટા નાયક,

રાત્રિનો નાશ કરનારા, ઉદય અને અસ્ત સમયે એક મુહૂર્ત સુધી સુખે જોઈ શકાય એવા, ઉદય-અસ્ત સિવાય બીજા સમયે જોઈ ન શકાય તેવા રૂપવાળા, રાત્રિને વિષે ઉદ્ધત એવા ચોર વિગેરે લંપટી આદિકને રોકનારા, ટાઢના વેગનો નાશ કરનારા, હમેંશા મેરુ પર્વતને પ્રદક્ષિણા કરનારા, વિસ્તાર સહિત મંડલવાળા, પોતાના હજાર કિરણોથી ચંદ્ર-તારાઓની શોભાનો નાશ કરનારા એવા સૂર્યને જોયો.

સામાન્યથી સૂર્યના એક હજાર કિરણો કહેવાય છે પરંતુ માસભેદથી કિરણો ઓછા વધારે થાય છે - તે નીચે પ્રમાણે છે -

ચૈત્ર ૧૨૦૦ - વૈશાખ ૧૩૦૦ - જ્યેષ્ઠ ૧૪૦૦
આષાઢ ૧૫૦૦ - શ્રાવણ ૧૪૦૦ - ભાદ્રપદ ૧૪૦૦
આશ્વિન ૧૬૦૦ - કાર્તિક ૧૧૦૦ - માર્ગશીર્ષ ૧૦૫૦
પોષ ૧૧૦૦ - માઘ ૧૧૦૦ - ફાલ્ગુન ૧૦૫૦.

卐 卐 卐 卐 卐

(૮) **આઠમા સ્વપ્નમાં** ઉત્તમ જાતિના બનાવેલા દંડના અગ્રભાગપર રહેલા તથા લીલા, રાતા, પીળા, સફેદ રંગવાળા તેમજ સુકોમળ અને પવનથી આમ તેમ ઉછળી રહેલા મોરપીંછોથી બનાવેલા કેશવાળા તથા અત્યંત શોભાવાળા તથા સ્ફટિકમણી, શંખ, અંકરત્ન, મોગરાનાં સફેદ ફુલ, પાણીના બિંદુઓ અને રુપાનો ઘડો એ સર્વ પદાર્થો જેવા સફેદ વર્ણવાળા તેમજ ધ્વજાના ઉપરનાં ભાગમાં ચિત્રરુપે ચિતરેલા અને વળી જાણે આકાશતળના મંડળને ભેદવાને ઉદ્યમવંત થયો હોય તેમ મનોહર સિંહ વડે શોભતા તથા સુખકારી અને સુકોમળ

એવા પવનથી હલાવેલી વેલડીની જેમ ફરકતા તથા અત્યંત મોટા પ્રમાણવાળા તથા માણસોને જોવા લાયક રૂપવાળા એવા ધ્વજને જોયો.

卐 卐 卐 卐 卐

(૯) **નવમા સ્વપ્નમાં** ઉત્તમ જાતિના સોનાના, અતિશય ચમકતા એવા પૂર્ણ કળશને જોયો. શુદ્ધ જલથી ભરેલો હોવાથી કલ્યાણને સુચવનાર હતો. દેદીપ્યમાન શોભાવાળો, કમળોના સમૂહથી ચારેબાજુથી શોભતો હતો. સંપૂર્ણ એવા સર્વ જાતિ મંગલોના પ્રકારોને પ્રાપ્ત કરાવનારો, ઉત્તમ રત્નોથી ચારે તરફ અત્યંત શોભતા કમળ પર રહેલો હતો. નેત્રોને આનંદ આપનાર દેદીપ્યમાન તેજવાળો હતો. સર્વ દિશાઓને પ્રકાશિત કરતો હતો. વખાણવા લાયક લક્ષ્મીના મંદિર સમાન હતો. સર્વ પ્રકારના અમંગલોથી રહિત હતો, મનોહર પ્રકાશ યુક્ત અને શોભાની લક્ષ્મીથી શ્રેષ્ઠ હતો. તથા જેના કંઠમાં સર્વ ઋતુઓનાં સુગંધી ફુલોની માળા હતી એવા સૂવર્ણના પૂર્ણ કળશને ત્રિશલા રાણીએ જોયો.

卐 卐 卐 卐 卐

(૧૦) **દશમા સ્વપ્નમાં** ત્રિશલારાણીએ પદ્મસરોવર જોયું. તે પદ્મસરોવર ઉગતા સૂર્યના કિરણો વડે વિકસ્વર થયેલા હજાર પાંખડીવાળા કમળો વડે અત્યંત સુગંધી હતું. રાતા-પીળા રંગના પાણીવાળુ હતું. મગરમચ્છ આદિ પાણીના જીવોના સમૂહથી ચારે બાજુ વપરાતા પાણીવાળું હતું, અત્યંત વિસ્તારવાળું હતું. સૂર્ય વિકાસી કમળો, ચંદ્ર વિકાસી કમળો, રાતાં કમળો, મોટા કમળો, અને શ્વેત કમળોની અતિ વિસ્તૃત શોભાના સમૂહથી જાણે જાજ્વલ્યમાન ન થયું હોય ! એવા ચકચકિત થઇ રહેલા મનોહર રુપ અને શોભાવાળું હતું.

પ્રસન્ન હૃદયવાળા ભમરાઓના સમૂહ અને મદોન્મત્ત થયેલા ભમરીઓના સમૂહથી ચુંબન કરાતાં કમળોવાળું હતું. કલહંસ, બગલા, ચક્રવાક, રાજહંસ, સારસ વિગેરે ગર્વિષ્ઠ એવા પક્ષીઓના સમૂહનાં જોડલાંઓથી સેવન કરાતા પાણીવાળું હતું. કમલિઓની પાખંડીઓ ઉપર ચોંટી રહેલા પાણીના બિન્દુઓના સમૂહથી આશ્ચર્યકારી હતું, હૃદયને આનંદ દેનાર, આંખોને મનોહર અને બીજા બધા તળાવોમાં શ્રેષ્ઠ પૂજનિક હોવાથી અત્યંત મનોહર હતું. એવા પદ્મસરોવરને ત્રિશલા દેવીએ સ્વપ્નમાં જોયું.

卐 卐 卐 卐 卐

(૧૧) **અગિયારમાં સ્વપ્નમાં** ત્રિશલા રાણીએ ક્ષીરસમુદ્રને જોયો. જે ક્ષીરસમુદ્ર ચંદ્રકિરણોના સમૂહ સમાન શોભાવાળા મધ્યભાગવાળો હતો. ચારે દિશાઓમાં વૃદ્ધિ પામતાં પાણીના સમૂહવાળો હતો. ચપલ અને ચંચલ એવા અતિશય ઊંચા મોટા પ્રમાણવાળા તરંગોથી વારંવાર એકત્ર થઇને જુદા પડતા પાણીવાળો હતો. જેના તરંગો અત્યંત ઉગ્ર પવનથી પછડાયેલા અને ચંચલપણે ઉપરાઉપરી દોડતા અને સ્પષ્ટપણે નાચતા હોય એવા દેખાતા હતા. વળી જે વારિધિના તરંગો અત્યંત ભય પામેલાની જેમ આમ તેમ દોડતા હોય એવા લાગતા હતા. દુઃખે સહન થઇ શકે એવા મોટા તરંગો, અને જુદી જુદી જાતના તરંગો પરસ્પર અથડાવાથી કીનારા સન્મુખ આવી ભટકાઇને પાછા ફરવાથી અત્યંત ચળકતા અને મનોહર દેખાતા હતા. તથા જે સમુદ્ર મોટા મગરમચ્છો, માછલાં, તિમિતિમિંગલ, વિરુદ્ધ અને તિલિતિલિક વગેરે અનેક પ્રકારના જલચર જીવોના પૂછડાના આઘાતથી ઉત્પન્ન થયેલા કપૂર સમાન સફેદ ફીણના ઢગલાવાળો હતો. વળી જે સમુદ્ર ગંગા વિગેરે મહાનદીઓના આવતા વેગવાળા પાણીના પ્રવાહો વડે ઉત્પન્ન થયેલ ગંગાવર્ત નામે ઘુમરીમાં પડવાથી ઉંચા

ઉછળતા અને પાછા નીચે તેમાં જ પડતા અને એ જ કારણે ઘુમરીમાં ભમવાથી સ્વભાવે કરીને ચંચલ દેખાતા પાણીવાળો હતો. એવા ક્ષીરસમુદ્રને ત્રિશલારાણીએ સ્વપ્નમાં જોયો.

卐 卐 卐 卐 卐

(૧૨) **બારમા સ્વપ્નમાં** ત્રિશલા રાણીએ દેવવિમાન જોયું. જે દેવવિમાન નવા ઉદય પામેલા સૂર્યની સમાન કાન્તિવાળું અને ચમકતી શોભાવાળું હતું. ઉત્તમ જાતિના સોના અને મોટા મણિઓના સમૂહથી શ્રેષ્ઠ તેજવાળા એક હજારને આઠ થાંભલાઓથી દેદીપ્યમાન હોવાથી આકાશને પ્રકાશમાન કરનારું હતું. સુવર્ણના પતરાઓમાં લટકતા મોતીઓથી અતિશય શ્વેત હતું. જાજ્વલ્યમાન લટકતી દિવ્ય ગુંથેલી ફુલોની માળાઓવાળું હતું. વૃક, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષીઓ, સર્પો, કિન્નરો, કસ્તુરી મૃગલાઓ, અષ્ટાપદો ચમરી ગાયો, સંસક્ત નામે અરણ્ય પશુઓ, હાથીઓ, અશોકલતા વગેરે વનની વેલડીઓ અને કમલિનીઓ એ સર્વ વસ્તુઓના ચિત્રો જેમાં ચિતરેલા હતા.જેમાં વાજિંત્રો સહિત ગાંધર્વોના ગીતો ગવાઇ રહ્યા હતા. સદા પાણીથી ભરેલ, વિપુલ મેઘની ગર્જના સમાન દેવદુંદુભિના મોટા શબ્દથી સમગ્ર જીવલોકને ભરી દેતું હોય તેવું લાગતું હતું. કૃષ્ણાગુરુ, શ્રેષ્ઠકુંદરુક, સેલાસર અને દશાંગાદિ બળતા ધૂપોને લીધે તથા બીજા સુગંધી દ્રવ્યોને લીધે, સુગંધથી મહેકી રહેલ હતું. તેથી ચારે તરફ ફેલાયેલ સુગંધથી સુગંધિત અને મનોહર હતું. તે નિરંતર પ્રકાશિત અને ઉજ્વલ કાંતિવાળું હતું. ઉત્તમ દેવોના નિવાસથી સુશોભિત તથા શાતાવેદનીયના ઉપભોગવાળું, વિમાનોમાં ઉત્તમ પુંડરિક સમાન હતું. એવા શ્રેષ્ઠ વિમાનને ત્રિશલા રાણીએ સ્વપ્નમાં જોયું.

卐 卐 卐 卐 卐

(૧૩) **તેરમા સ્વપ્નમાં** ત્રિશલારાણીએ રત્નરાશિને જોયો. એ રત્નરાશિ પુલકરત્ન, વજ્રરત્ન, નીલરત્ન, સસ્યકરત્ન, કર્કેતનરત્ન, લોહિતાક્ષરત્ન, મરકતરત્ન, મસારગલરત્ન, અંજનરત્ન, પ્રવાલરત્ન, સ્ફટિકરત્ન, સૌગંધિકરત્ન, હંસગર્ભરત્ન, ચંદ્રપ્રભરત્ન અને એવા બીજા જાતિના પણ રત્નોથી પૃથ્વીતલ ઉપર હોવા છતાં ગગનમંડલના અંત સુધી, પ્રકાશ કરનાર હતો અને મેરુપર્વત સમાન ઉંચો લાગતો હતો. એવા રત્નના રાશિને ત્રિશલા રાણીએ સ્વપ્નમાં જોયો.

卐 卐 卐 卐 卐

(૧૪) **ચૌદમા સ્વપ્નમાં** ત્રિશલારાણીએ નિર્ધૂમ અગ્નિને જોયો. જે ઘણા શ્વેત ઘી અને પીળા મધથી સિંચિત થવાથી ધૂમાડા રહિત ધગધગતી જાજ્વલ્યમાન જ્વાળાઓથી ઉજ્વળ હોવાથી મનોહર હતો. એક બીજાથી ઉંચી ઉંચી અને કેટલીક નીચી નીચી જ્વાળાઓ તથા એકબીજાની અંદર પ્રવેશ કરતી હોય એવી જ્વાળાઓવાળો એ અગ્નિ હતો. જ્વાળાઓના અધિક બળવાથી તે અગ્નિ જાણે આકાશને પકાવતો હોય એવો તે અત્યંત વેગથી ચપળ દેખાતો હતો. એવા અગ્નિને ત્રિશલા રાણીએ ચૌદમા સ્વપ્નમાં જોયો.

卐 卐 卐 卐 卐

ચૌદ સ્વપ્ન નિહાળી અત્યંત હર્ષિત થયેલાં ત્રિશલા રાણી શય્યામાંથી ઉઠે છે... બાજોઠ ઉપર પગ મૂકી નીચે ઉતરીને નહિ ઉતાવળી, નહિ ચપલ, નહિ સ્ખલનાવાળી એવી રાજહંસ સમાન ગતિ વડે ચાલતાં જ્યાં સિદ્ધાર્થ રાજા સૂતા છે ત્યાં આવે છે. આપણી ચાલવાની ગતિ પણ કેવી હોવી જોઈએ ? જીવ વિરાધના ન થાય... જયણાનું પાલન થાય... કોઈ પણ જીવને ક્યાંય કિલામણા ન થાય. ચાલવામાં પણ સાવધાની ન

રાખીએ... ધબ-ધબ આવાજ કરતા ચાલીએ... પગ ઉપાડ્યા વિના ઘસડીને ચાલીએ... ઉતાવળા ચાલીએ તો જયણાનું પાલન ન થાય... જીવ વિરાધના થાય. આવું તો આપણે કરતા નથીને ?

ત્રિશલાદેવી મીઠી-મધુર-મનોહર વાણી વડે સિદ્ધાર્થ રાજાને જગાડે છે.. જાગેલા સિદ્ધાર્થ રાજાથી આજ્ઞા પામેલા ત્રિશલા દેવી રત્નજડિત સુવર્ણના ભદ્રાસન ઉપર બેસે છે અને કહે છે – ''હે સ્વામિન્ ! આજે રાત્રીએ શ્રેષ્ઠ શય્યામાં અર્ધ જાગૃત અવસ્થામાં હું ગજ, વૃષભ આદિ ચૌદ મહાસ્વપ્ન જોઈને જાગી છું. તો મને એનું શું કલ્યાણકારી ફળ તથા વૃત્તિ વિશેષ મળશે ?''

રાણી પાસેથી સ્વપ્નના સ્વરૂપને વિસ્તારથી જાણીને રાજા સંતોષ પામ્યા... વિચાર કરીને તથા બુદ્ધિ વિજ્ઞાને કરીને સ્વપ્નના અર્થનો મનમાં નિશ્ચય કરીને કહે છે – ''હે દેવાનુપ્રિયે ! તે કલ્યાણકારી, ઉદાર સ્વપ્ન જોયા છે. હે દેવાનુપ્રિયે ! તે ઉપદ્રવને હરનારા, ધનની પ્રાપ્તિ કરાવનારાં, મંગલ કરનારા, શોભાવાળા, તથા આરોગ્ય, ચિદાનંદ, દીર્ઘાયુ તેમજ કલ્યાણ, મંગલ અને વાંછિત પૂર્ણ કરાવનાર સ્વપ્ન જોયા છે. એ સ્વપ્ન દર્શનથી હે દેવાનુપ્રિયે ! તને ધનનો લાભ થશે, સુખનો લાભ થશે, શબ્દાદિ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો લાભ થશે, રાજ્યનો લાભ થશે. હે દેવાનુપ્રિયે નવમાસ અને સાડા સાત રાત્રિ-દિવસ વ્યતીત થયે છતે શ્રેષ્ઠ પુત્ર-રત્નને તું જન્મ આપીશ. એ પુત્ર આપણા કુળમાં ધ્વજ સમાન, કુળમાં દીપક સમાન, કુળમાં તિલક સમાન, કુળમાં મુકુટ સમાન, કુળમાં સૂર્ય સમાન, કુળની વૃદ્ધિ કરનાર, કુળનો આધાર, કુળની કીર્તિ ફેલાવનાર, કુળનો નિર્વાહ કરનાર થશે. સુકોમળ હાથપગવાળા, લક્ષણ અને વ્યંજનથી યુક્ત, સંપૂર્ણ પાંચે ઈન્દ્રિય સહિત

શરીરવાળા, માન-ઉન્માદ જેના બરાબર છે. એવા શોભાયુક્ત સર્વ અવયવોથી સુંદર શરીરવાળા, ચંદ્ર સમાન (ઉંચાઇ) મનોહર આકૃતિવાળા, પ્રિય, મનોહર, દર્શનીય, સુંદર રૂપવાળા પુત્રને તું જન્મ આપીશ.''

એ પ્રમાણે સિદ્ધાર્થ રાજા બે-ત્રણ વાર સ્વપ્નાઓને વખાણે છે.

સ્વપ્નોના અર્થને સાંભળીને મસ્તકે અંજલી કરીને હર્ષ-આનંદ સહિત ત્રિશલા રાણી આ પ્રમાણે કહેવા લાગી - ''હે સ્વામિન્ ! એ અર્થ એમજ છે. તમે કહ્યો તેમ જ છે. યથાર્થ છે. સંદેહ રહિત છે જે રીતે ઇચ્છેલો તેમજ છે, મેં ગ્રહણ કરેલો છે, વાંછેલો અને પ્રતિવાંછેલો છે. તમે અર્થ કહો છો તે સત્ય છે.''

એવી રીતે સ્વપ્નના અર્થને સ્વીકારીને, સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પામી ત્રિશલા રાણી ભદ્રાસનથી ઉઠે છે અને પોતાની રાજહંસ સમાન ગતિથી જ્યાં પોતાની શય્યા છે ત્યાં જાય છે.

હવે ત્રિશલારાણી વિચારે છે - ''ઉત્તમ, શ્રેષ્ઠ, મંગલ કરનારા એવા આ સ્વપ્નો બીજા પાપ-અશુભ સ્વપ્નોથી વિનાશ ન પામે એ માટે દેવ-ગુરુ-ધર્મ સંબંધિ મંગલ કરનારી શ્રેષ્ઠ વાર્તાઓથી સ્વયં જાગતી અને સખીઓને જાગરણ કરાવતી ધર્મ જાગરીકા કરું.''

એવી રીતે વિચારતી સખીઓને ભેગી કરી અનિત્યાદિ બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના સમજાવે છે. આત્માને મોહદશામાંથી જગાડનાર સોળ ભાવનાઓના સ્વરૂપને જે ત્રિશલાદેવી કહી રહ્યા છે તે પણ ગર્ભમાં આવેલા તીર્થંકરના આત્માનો જ પ્રભાવ છે. એવી રીતે ધર્મજાગરણ અને વૈરાગ્યમય ઉપદેશમાં રાત્રી વ્યતીત કરી.

# ફળ સ્વરૂપીસ્વપ્ન વિજ્ઞાન

સવારના ઉઠતાં જ સિદ્ધાર્થ રાજાએ સેવકોને બોલાવ્યા અને બહારની સભાને સુંદર, સુગંધી બનાવી સારી રીતે સજાવટ કરવા જણાવ્યું. હર્ષિત થયેલા સેવકોએ મસ્તકે અંજલી જોડીને કહ્યું - ''હે સ્વામિન્ ! આપે જેવી રીતે કહ્યું છે એવી રીતે જ કરીશું.''

બહાર સભામાં આવી પહેલા એને વાળીને સ્વચ્છ કરી... પછી સુગંધી જલનાં છંટકાવ કર્યો... ચારે બાજુ સુગંધી ચૂર્ણનો છંટકાવ કર્યો... વિવિધ જાતિના ધૂપ પ્રગટાવ્યા. અનેક પ્રકારના સુગંધી પુષ્પોથી એને વધારે સુંદર બનાવી. સિદ્ધાર્થ રાજાએ કહ્યા પ્રમાણે સિંહાસન ગોઠવીને કામ કર્યાની ખબર આપી.

હવે સિદ્ધાર્થ રાજા સેવકોને કહે છે - ''હે દેવાનુપ્રિય સેવકો ! તમે તુરત જ નગરમાં જાઓ અને સ્વપ્નલક્ષણના જાણનારા ફળને કહેનારા, અષ્ટાંગ મહાનિમિત્ત શાસ્ત્રના સૂત્ર તથા અર્થને ધારણ કરનારાઓને બોલાવો ! સન્માન પૂર્વક સહુને આમંત્રણ આપો.''

સિદ્ધાર્થ રાજાની આજ્ઞાને વિનયપૂર્વક સેવકો સ્વીકારે છે. બે હાથ જોડીને કાર્યનો સ્વીકાર કરી ત્યાંથી નિકળીને ક્ષત્રિયકુંડ ગામ નગરના સ્વપ્ન પાઠકોના ઘરો છે ત્યાં જઇને આમંત્રણ આપે છે. સિદ્ધાર્થ રાજાએ તમને બોલાવ્યા છે એમ સંદેશો આપે છે. રાજા તરફથી આમંત્રણ મળતાં કોણ રાજી ન થાય ? સ્વપ્ન પાઠકો અત્યંત હર્ષિત થયા. ઇષ્ટ દેવની પૂજા કરી, ટિલા-ટપકા કર્યા, સુંદર વસ્ત્રો પરિધાન કર્યા. દહીં, ડાભ, સરસવ, ચોખા

વિગેરેનું માંગલિક આચરીને મંગલ માટે દર્ભ સરસવ મસ્તક ઉપર ધારણ કરી, ઉપર પાઘડી ધારણ કરીને અલ્પ આભૂષણો ધારણ કરી ઘરેથી નિકળી સિદ્ધાર્થ રાજાના મહેલ સમીપ બધા ભેગા થાય છે. ભેગા થઇ એકને મુખ્ય સ્થાપી, આપણે બધાએ બોલવું નહીં પણ સ્વપ્ન સાંભળી આપસમાં ચર્ચા કરી એક મુખ્ય છે તે રાજાને જણાવશે એમ નક્કી કર્યું.

સ્વપ્ન પાઠકો રાજ્યસભામાં પ્રવેશ કરે છે... રાજાને જય અને વિજય શબ્દોથી વધાવીને મંગલમય આશીર્વાદ આપતાં કહે છે - ''હે રાજન્ ! આપ લાંબા આયુષ્યવાળા થાઓ ! યમ-નિયમ-વ્રતોનું પાલન કરનારા થાઓ ! યશસ્વી થાઓ... કીર્તિવાન થાઓ... ભાગ્ય અને સૌભાગ્યના વૈભવવાળા થાઓ... વેરીઓનો નાશ થાઓ. સહુ પ્રાણી પ્રત્યે દયાળુ થાઓ... સહુને સુખી કરનારા થાઓ... સહુનું મંગલ-કલ્યાણ કરનારા થાઓ... તમારે ત્યાં પુત્રની સમૃદ્ધિ થાઓ !

આવા આશીર્વાદ આપે છે ત્યારે રાજા સ્વયં સ્વપ્ન પાઠકોનું અભિવાદન કરે છે... પ્રતિ નમસ્કાર કરી એમને ગોઠવી રાખેલા આસનો પર માન સન્માન પૂર્વક બેસાડે છે.

પછી રાજવી હાથ જોડી મસ્તક નમાવી સ્વપ્ન પાઠકોને વંદન કરે છે. પુષ્પોથી એમની પૂજા કરે છે... ફળ વસ્ત્ર આદિ દ્વારા સત્કાર કરે છે. દેવ-ગુરુ-નિમિત્તિ આદિ પાસે ખાલી હાથે ન જવાય. ફળ આપી ફળ પૂછવાથી જ ઈષ્ટફલની સિદ્ધિ થાય છે.

રાજાએ હવે વિનયપૂર્વક ત્રિશલા રાણીએ જોયેલા ચૌદ સ્વપ્ન, સ્વપ્ન પાઠકોની આગળ જણાવે છે.

જણાવીને એમને એનું શું ફળ પ્રાપ્ત થશે ? એમ પૂછે છે.

રાજાના સ્વપ્ન સાંભળી હર્ષિત - રાજી થયેલા સ્વપ્ન પાઠકો સ્વપ્ન વિજ્ઞાનનો રાજાને પરિચય કરાવે છે.

આપણે પણ ઘણીવાર સારા-ખરાબ સ્વપ્ન જોઈએ છીએ પરંતુ આપણે એના વિશે જાણવાનો ક્યારેય પણ પ્રયાસ કરીએ છીએ ખરા. સ્વપ્ન શું છે ? સ્વપ્ન કેવી રીતે આવે છે ? શું સૂચવે છે ?

સ્વપ્ન પાઠકો કહે છે અમારા સ્વપ્નશાસ્ત્રોમાં મનુષ્યને નવપ્રકારમાં સ્વપ્નો આવે છે (૧) અનુભવેલી હકીકત સ્વપ્નમાં દેખાય. (૨) જોયેલી હકીકત સ્વપ્નમાં દેખાય છે. (૩) સાંભળેલી હકીકત સ્વપ્નમાં દેખાય (૪) વાત-પિત્ત-કફના વિકારથી સ્વપ્ન દેખાય (૫) સહજ સ્વભાવથી અથવા મળ મૂત્રની પીડાથી સ્વપ્ન દેખાય. (૬) ચિંતામાં ડૂબેલા વ્યક્તિને સ્વપ્ન આવે.

આ છ પ્રકારના સ્વપ્ન નિષ્ફળ જાણવા. આવા સ્વપ્નનું કોઇ શુભ કે અશુભ ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ બીજા ત્રણ પ્રકારના સ્વપ્ન છે જેનું અવશ્ય શુભ કે અશુભ ફળ પ્રાપ્ત થાય છે. આ ત્રણ પ્રકાર નીચે મુજબ છે. (૧) દેવ-દેવીની સહાયતાથી સ્વપ્ન આવે. (૨) ધર્મ કાર્યના પ્રભાવથી ઉત્કૃષ્ટ પુણ્યના યોગે સ્વપ્ન આવે. (૩) પાપ કાર્યના પ્રભાવથી ઉત્કૃષ્ટ પાપના યોગે સ્વપ્ન આવે.

સ્વપ્ન શાસ્ત્રોમાં બેંતાલીશ સ્વપ્ન મધ્યમ અને ત્રીસ સ્વપ્ન ઉત્તમ કહ્યા છે. એમ કુલ બહોંતેર સ્વપ્ન કહ્યા છે.

બેંતાલીસ મધ્યમ સ્વપ્ન કહ્યા છે તે આ પ્રમાણે છે -

(૧) ગંધર્વ (૨) રાક્ષસ (૩) ભૂત (૪) પિશાચ (૫) ખવીસ (૬) મહિષ (૭) અહિ (૮) વાનર (૯)

કંટક વૃક્ષ (૧૦) નદી (૧૧) ખજુર (૧૨) સ્મશાન (૧૩) ઊંટ (૧૪) ખર (૧૫) માર્જર (૧૬) શ્વાન (૧૭) ભસ્મ (૧૮) અસ્થિ (૧૯) વમન (૨૦) તમ (૨૧) કુસ્ત્રી (૨૨) ચર્મ (૨૩) રક્ત (૨૪) કલહ (૨૫) ભૂકંપ (૨૬) ગ્રહયુદ્ધ (૨૭) તારાપતન (૨૮) સૂર્યચંદ્ર સ્ફોટન (૨૯) મહાવાયુ (૩૦) મહાતપ (૩૧) વિસ્ફોટક (૩૨) દુર્વાક્ય (૩૩) બુસક (૩૪) દોસ્ત (૩૫) સંગીત (૩૬) અશ્મ (૩૭) ધીજ (૩૮) વામન (૩૯) વિવિક્ત દૃષ્ટિ (૪૦) જલશોષ (૪૧) નિર્ઘાતભંગ (૪૨) ભુમજ્જન.

ત્રીશ ઉત્તમ સ્વપ્ન આ પ્રમાણે છે –

(૧) અર્હત પ્રતિમા (૨) હસ્તી (૩) ગણેશ (૪) વૃષભ (૫) ગ્રહ (૬) સિંહ (૭) પર્વત (૮) લક્ષ્મી દેવી (૯) મત્સ (૧૦) પુષ્પમાળા (૧૧) કલ્પવૃક્ષ (૧૨) ચંદ્ર (૧૩) સૂર્ય (૧૪) નૃપતિ (૧૫) ધજા (૧૬) પૂર્ણકળશ (૧૭) ગાય (૧૮) પદ્મસરોવર (૧૯) ભદ્રાસન (૨૦) સમુદ્ર (૨૧) માંસ (૨૨) દેવવિમાન (૨૩) રત્નરાશિ (૨૪) અગ્નિશિખા (૨૫) દેવાંગના (૨૬) દેવદર્શન (૨૭) મેઘ (૨૮) સુવર્ણ (૨૯) બ્રહ્મા (૩૦) કૃષ્ણ

હે દેવાનુપ્રિય સિદ્ધાર્થ રાજન્ ! અરિહંતની માતાઓ તથા ચક્રવર્તીની માતાઓ, અરિહંત અથવા ચક્રવર્તીઓ ગર્ભમાં આવે ત્યારે ઉપર જણાવેલા ત્રીસ મહાસ્વપ્નોમાંથી આ ચૌદ મહાસ્વપ્નો જોઇને જાગે છે.

વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે વાસુદેવની માતાઓ એ ચૌદ મહાસ્વપ્નમાંથી સાત મહાસ્વપ્ન જોઇને જાગે છે.

બળદેવ ગર્ભમાં આવે ત્યારે બળદેવની માતાઓ ચૌદ મહાસ્વપ્નમાંથી ચાર મહાસ્વપ્ન જોઇને જાગે છે.

માંડલિક રાજા ગર્ભમાં આવે ત્યારે માંડલિક રાજાની માતાઓ ચૌદ મહાસ્વપ્નમાંથી એક મહાસ્વપ્ન

જોઈને જાગે છે.

તીવ્ર પુણ્યશાળી અને પરાક્રમી જીવ ગર્ભમાં આવે ત્યારે એની માતા પણ કોઈ વિશિષ્ટ સ્વપ્ન જુએ છે.

આપણા જીવનમાં કોઈ પુણ્યવંતી પળે આપણને કોઈ શુભ સ્વપ્ન આવે તો આપણે શું કરવું જોઈએ એનો આપણને ખ્યાલ આવી જાય છે. કેવા સ્વપ્નનું શુભ - અશુભ કેવું ફળ મળશે એની પણ વાત વિસ્તારથી કલ્પસૂત્રમાં જણાવવામાં આવી છે.

શુભ સ્વપ્નો જાણીને જીવનમાં એમને સાકાર કરવા ઉદ્યમવંત બનીએ.

રાત્રીના પ્રથમ પ્રહરમાં આવેલા સ્વપ્નનું ફળ બાર મહિને મળે છે.

રાત્રીના બીજા પ્રહરમાં આવેલું સ્વપ્નનું ફળ આઠ મહિને મળે છે.

રાત્રીના ત્રીજા પ્રહરમાં આવેલા સ્વપ્નનું ફળ ત્રણ મહિને મળે છે.

રાત્રીના ચોથા પ્રહરમાં આવેલા સ્વપ્નનું ફળ એક મહિને મળે છે.

રાત્રીના છેલ્લી બે ઘડીમાં જોયેલા સ્વપ્નનું ફળ દસ દિવસમાં મળે છે. તથા સૂર્યોદય સમયે આવેલા સ્વપ્નનું ફળ પ્રાયે તેજ દિવસે મળે છે.

ખરાબ સ્વપ્ન નિષ્ફળ કરવા કોઈને પણ કહેવું નહિં... શુભ સ્વપ્ન સાકાર કરવા ગુરુ મહારાજને કહેવું. ગુરુ મહારાજનો યોગ ન મળે તો પ્રભુપ્રતિમાને અથવા ગાયના કાનમાં પણ કહેવું. કહ્યા વિના ફળ મળતું નથી. શુભ સ્વપ્ન જેવા તેવા મુર્ખ માણસ પાસે કહેવાથી દુઃખ પ્રાપ્ત થાય છે.

# સ્વપ્ન ફળ પૂછવાની વિધિ

ગૌડ દેશ... પાટલીપુત્ર નગરી... શંખ રાજા... ધારિણી રાણી... મૂલદેવ રાજકુમાર...

મૂલદેવ રાજકુમાર બધી કલાઓમાં હોશીયાર છે પરંતુ દુર્ભાગ્યથી એને જુગારનું વ્યસન લાગેલું છે. રાજા એ માટે ઘણા જ ચિંતિત છે... મૂલદેવને ઘણું સમજાવે છે - ''બેટા મૂલદેવ ! સાત વ્યસન દુર્ગતિ દાતાર છે. એક વ્યસનમાં જીવને નરકમાં લઇ જવાની તાકાત છે. તું આ જુગારનો ત્યાગ કરી દે. એમાં તારું અને મારું હિત છે... રાજા-પ્રજાનું કલ્યાણ છે.'' પરંતુ રાજકુમાર જુગારના વ્યસનને ન છોડી શક્યો. સ્વ-પર કલ્યાણના ઇચ્છુક રાજાએ હૃદયને કઠોર કરી રાજકુમારને દેશવટો આપ્યો.

પોતાના દેશનો ત્યાગ કરી મૂલદેવે પરદેશ પ્રતિ પ્રયાણ કર્યું. માર્ગમાં એની મુલાકાત એક તાપસ સાથે થઇ. તાપસનો વિનય-સેવા ભક્તિ કરી. તાપસે પ્રસન્ન થઇને રૂપપરાવર્તિની વિદ્યા આપી. વિદ્યાને સિદ્ધ કરી મૂલદેવે ઉજ્જયની નગરી તરફ પ્રયાણ કર્યું. ઉજ્જયની નગરીમાં પહોંચી ત્યાંની પ્રસિદ્ધ દેવદત્તા નામની ગણિકાના મહેલ નીચે કુબડાનું રૂપ કરીને રહ્યો.  ત્યાં રહી પોતાના મધુર સ્વર વડે ગીતગાન કરવા લાગ્યો. તેના ગીતને સાંભળી પ્રસન્ન થયેલી વેશ્યાએ તેને બોલાવી પોતાની પાસે રાખ્યો.

આજ ઉજ્જયીની નગરીમાં રાજમાન્ય અચલ નામનો સાર્થવાહ રહેતો હતો. તે રાજાજ્ઞાથી નિયમિત દેવદત્તા ગણિકાની પાસે આવતો હતો. જ્યારે અચલ આવતો ત્યારે દેવદત્તા મૂલદેવને ગુપ્ત સ્થાનમાં છૂપાવી દેતી. દેવદત્તાની માતા અક્કા ડોશી દેવદત્તાને સમજાવતી આપણને પ્રેમનો દેખાવ કરવાનો હોય પ્રેમ નહિં. તારી પાસે

રાખેલા મૂલદેવ ઉપર તું પ્રેમ રાખે છે પરંતુ એ તો કંગાલ છે... ગરીબ છે. એ આપણને કશું આપતો નથી. આપણું ઈચ્છિત તો અચલ જ પૂર્ણ કરે છે. માટે તું અચલને જ અહિં સ્થાન આપ અને આ મૂલદેવને કાયમ માટે અહિંથી દૂર કરી દે. માતાની શિખામણ દેવદત્તા માનતી નથી. અંતે અક્કા એક દિવસ આ ભેદ અચલને જણાવી દે છે. અચલ જલ્દીથી દરવાજો ખોલી દેવદત્તાના રૂમમાં પ્રવેશ કરે છે. અચાનક આવી ચડેલા અચલને જોઇ દેવદત્તા તરત મૂલદેવને પલંગ નીચે સંતાડી દે છે. અચલ વસ્તુસ્થિતિ પામી જાય છે.

પલંગ ઉપર બેસતાની સાથે એણે દેવદત્તાને ગરમ ગરમ પાણી મંગાવવાનું કહ્યું. પોતે પોતાને આવેલા ખરાબ સ્વપ્નને નિષ્ફળ બનાવવા પલંગ ઉપર બેસીને જ ધગધગતા પાણીથી સ્નાન કરશે એવું જાહેર કર્યું. ગરમ ગરમ પાણી ગાદલા ઉપર રેડવા લાગ્યો. ગરમ પાણી નીચે મૂલદેવ ઉપર પડતાં તે દાઝવા લાગ્યો. તરત બહાર નિકળ્યો તો અચલે એને ચોટિથી પકડ્યો ત્યારે મૂલદેવે કહ્યું - ‘‘મને મૂકી દે’’ આ અવસરે અચલે કહ્યું ‘‘જ્યારે હું તારા વશ પડું ત્યારે તું પણ મને મૂકી દેજે.’’ એમ કહી છોડી મૂક્યો.

મૂલદેવ ત્યાંથી નિકળ્યો... નગરની બહાર નિકળી એ બેનાતટના માર્ગે આગળ વધ્યો. માર્ગમાં ભયાનક જંગલ આવ્યું. જંગલ પાર કરતાં ત્રણ દિવસ લાગ્યા. મૂલદેવને ત્રણ ઉપવાસ થયા. જંગલપાર કરી એક ગામમાં પહોંચ્યો. એક શ્રેષ્ઠિએ એને અડદના બાકુળા આપ્યા. મૂલદેવ અડદના બાકુળા લઈને તળાવ કિનારે એક વૃક્ષ નીચે બેઠો. ત્યાં તેને વિચાર આવ્યો મને પારણું કરતા પહેલાં કોઇ મહાત્માનો લાભ મળે તો વહોરાવીને વાપરું. કેવી ઉત્કૃષ્ટ ભાવના છે ? લાભ મળવો કે ન મળવો એ તો પુણ્યને આધીન છે. પણ ભાવના ભાવવી એ તો આપણા સ્વયંના આધીન છે... સ્વાધીન છે. આપણે જ્યારે પણ જમવા બેસીએ ત્યારે આપણને એવા જ ભાવ હોયને ?

કોઈને ખવડાવીને પછી ખાઉં. કોકને વપરાવીને વાપરું ? ભાવના ભવ નાશીની છે. આપણે સદા-સર્વદા ઉત્તમ ભાવનાના સ્વામિ બનવાનું છે. ઉત્તમ ભાવના ભાવતા એવા મૂલદેવના પુણ્યોદયે મુનિરાજ ત્યાં પધાર્યા. મુનિરાજને જોતાં જ અત્યંત હર્ષિત થયેલા મૂલદેવે એમને ત્રણ પ્રદક્ષિણા આપી વિધિપૂર્વક વંદના કરી લાભ આપવા વિનંતિ કરી. મુનિરાજે સુઝતો આહાર જાણી લાભ આપ્યો. એ જ સમયે તે વૃક્ષ ઉપર રહેલા દેવે આ દૃશ્યને જોઈને એની અનુમોદના કરતાં કહ્યું -

धन्नाणं ते नराणं, कुम्मासा हुंति साधुपारणाअे । તે નર ધન્ય છે, જે સાધુને પારણામાં અડદના બાકુળા વહોરાવે છે. પછી મૂલદેવને કહ્યું - ''બીજા પદમાં તારે માંગવું હોય તે માંગ.'' ત્યારે મૂલદેવે કહ્યું -

गणियं च देवदत्ता, हत्थी सहस्सं च रज्जं च ।। દેવદત્તા ગણિકા અને હજાર હાથી સાથે રાજ્ય.

દેવે કહ્યું - ''મૂલદેવ ! આજથી સાત દિવસે તું દેવદત્તા અને હજાર હાથી સહિત રાજ્ય પામીશ.

દેવ વચનથી પ્રસન્ન થયેલો મૂલદેવ બાકીના બાકુળા ખાઈ પાણી પીને આગળ ચાલવા લાગ્યો. અનુક્રમે ચાલતાં ચાલતાં બેનાતટ નગરીએ આવી પહોંચ્યો. એકદા સાંજના સમયે નગર બહાર એક દેવમંદિરમાં ઘણા માણસો સુતા હતા ત્યાં આવી વિશ્રામ કરવા લાગ્યો. પાછલી રાતે મૂલદેવે સ્વપ્નમાં **સોળ કળાએ ખીલેલા સંપૂર્ણ ચંદ્રને પોતાના મુખમાં પ્રવેશતો જોયો.**' એ જ સમયે ત્યાં સૂતેલા એક કાપડીને પણ આવું જ સ્વપ્ન આવ્યું. એણે સાથેના બીજા કાપડીઓને કહ્યું ત્યારે બીજા કાપડીએ એને કહ્યું - ''આજે ભિક્ષા માટે જઈશ ત્યારે તને ઘી - ગોળ સહિત મોટો સંપૂર્ણ રોટલો મળશે' અને ખરેખર એ દિવસે એને એવી જ ભિક્ષા મળી. પરંતુ મૂલદેવ વિચારે છે આ સ્વપ્નનું એટલું અલ્પ ફળ ન હોય પરંતુ વિશેષ ફળ મળવું જોઈએ. તેથી તે સ્નાનાદિથી પરિવરી ઉદ્યાનમાં જઈ

શ્રેષ્ઠ ફળ અને ફુલ લઈને સ્વપ્ન પાઠકની પાસે જઇ એનો યોગ્ય સત્કાર કરી પુષ્પ અને ફળ આપીને પોતાના સ્વપ્નનું ફળ પૂછે છે ત્યારે સ્વપ્ન પાઠક કહે છે – 'તું મારી કન્યાને પરણે તો તને સ્વપ્નનું ફળ કહું. મૂલદેવે તે સ્વીકાર્યું. ત્યારે સ્વપ્ન પાઠકે કહ્યું આજથી સાતમે દિવસે તું રાજ્ય પામીશ.'

મૂલદેવ સ્વપ્નપાઠકની કન્યાને પરણે છે. એકદા નગરની બહાર તળાવની પાળ ઉપર સૂતો છે. એ અવસરે નગરનો અપુત્રીયો રાજા મૃત્યુ પામે છે. પ્રધાનાદિએ પાંચ દિવ્ય નગરમાં ફરતા મૂક્યા. આ પાંચ દિવ્ય નગરમાં ફરતાં ફરતાં નગરની બહાર જ્યાં મૂલદેવ સુતો છે ત્યાં આવે છે. મૂલદેવ પાસે આવી ઘોડાએ હણહણાટ કર્યો... હાથીએ મૂલદેવ ઉપર કળશ ઢોળ્યો... છત્ર ધરાયું... ચામર વિંઝાણા અને જય જય શબ્દનો નાદ ગુંજી ઉઠ્યો. પ્રધાને મૂલદેવને હાથી ઉપર બેસાડ્યા. રાજા તરીકે જાહેર કર્યા. ઉત્સવ પૂર્વક નગર પ્રવેશ કરાવી રાજ્યાભિષેક કર્યો. મૂલદેવ હજાર હાથી સહિત રાજ્ય પામ્યા. પછી દેવદત્તાને બોલાવી લીધી.

એ પ્રમાણે જેને તેને સ્વપ્ન ન કહેવાય. યોગ્ય વ્યક્તિને વિનયપૂર્વક પૂજી – સત્કારી ફળ પુછવાથી શ્રેષ્ઠ ફળ પ્રાપ્તિ થાય છે.

મૂલદેવની જેમ જીવનમાં આપણને આવતાં વિવિધ પ્રકારના સ્વપ્નના ફળો સ્વપ્નશાસ્ત્રમાં કહેલા છે તેની આપણે થોડી જાણકારી મેળવીએ.

* સ્વપ્નમાં કુંકુમ યુક્ત શરીર કરી નૃત્ય કરતો જુએ અથવા ગીતગાન કરતો જુએ તો લક્ષ્મીની વૃદ્ધિ થાય.
* સિંહ, ઘોડા અથવા બળદ જોડેલા રથ ઉપર પોતે બેઠેલો જુએ તો રાજા થાય.
* સૂર્ય – ચંદ્રનું બિંબ ગળ્યું – પીધું જુએ તો સમુદ્ર પર્યંત પૃથ્વીનો રાજા થાય.

* સફેદ હાથી ઉપર બેઠેલો જુએ તો સર્વ દેશનો રાજા થાય.

* કાળી ગાય, સફેદ હાથી, પ્રતિમા જુએ તો શુભ ફળ થાય.

* દ્રો, ચોખા, ચંદન જુએ તો માંગલિક થાય.

* રાજાનો હાથી, ઘોડો, બળદ, સારા વર્ણવાળી ગાય જોવાથી કુળવૃદ્ધિ થાય.

* પોતાને રથમાં બેઠેલો જુએ તો રાજા થાય.

* સ્વપ્નમાં સમુદ્ર, જળથી ભરેલી નદી, અને મિત્રના મરણને જોનારને ઘણું દ્રવ્ય પ્રાપ્ત થાય.

* સ્વપ્નમાં જાત્રા જનારો કે પૂજા કરનારો ધન પામે છે.

* સ્વપ્નમાં પોતાના ઇષ્ટદેવની પ્રતિમા જુએ તો તે માણસના આયુષ્યની વૃદ્ધિ થાય છે. કીર્તિ, યશ, ધનની પ્રાપ્તિ થાય.

* સ્વપ્નમાં દેવતા, સાધુ, બ્રાહ્મણ, રાજા, પિતૃ, વૃષભ એટલામાંથી કોઇ પણ આવીને કોઇ પ્રકારની વાત કહે તો તે વાત અવશ્ય સત્ય થાય.

* સ્વપ્નમાં સોનાના, રત્નોના, ઢગલાઓ ઉપર હું ચડ્યો છું એમ જે જુએ તે માણસ અવશ્ય સમકિત પામી મોક્ષે જાય.

* સ્વપ્નમાં ગધેડો, ઉંટ, ભેંસ, ભેંસો એમના ઉપર એકલો ચડ્યો છું એમ જે જુએ તે તરત મરણ પામે.

* સ્વપ્નમાં જે હસે તેને તુરંત શોક થાય. અને નાચ કરે તો વધ - બંધન થાય.

* સ્ત્રીનું હરણ જુએ તો સંપદાનો નાશ થાય. સ્ત્રી પરાભવ જુએ તો ક્લેશ થાય. ગોત્ર સ્ત્રીનું હરણ જુએ

તો ભાઈ બંદિખાને જાય.

* સ્વપ્નમાં આભૂષણ, મણિ, મુક્તાફળ, સોનું, રૂપું લઈ જતા જુએ તો ધનહાની થાય.

* સ્વપ્નમાં તેલ ચોળનારો વ્યાધિમુક્ત થાય છે. ચારણાની ભાગળ, હિંડોળો, પાવડો અને ઘર ભાંગતા જુએ તો સ્ત્રીનો નાશ થાય.

* ગાય, બળદ, હાથી, મહેલ, પર્વત, ટૂંક, આવાસ ગૃહ, આમ્રવૃક્ષ અને કેળ ઉપર પોતાને ચડતો જુએ તો મહાશ્રેષ્ઠ ફળ જાણવું.

* સ્વપ્નમાં રાજાને, હાથીને, ઘોડાને, પ્રાસાદને, ગાય અથવા વૃષભને જોનાર માણસના કુટુંબની વૃદ્ધિ થાય છે.

* તાંબૂલ, દહિં, શંખ, ચામર, ચંદન, બકુલ, કુમુદ, કમલ અને દીવાને જોનાર માણસને ધનની વૃદ્ધિ થાય છે.

* ક્ષીર વૃક્ષ ઉપર ચઢનાર અથવા પુષ્પોથી ખોબો ભરનાર માણસ તરત ધન પામે છે.

* દેવદર્શન, જિન પ્રતિમા તથા સાધુ-સાધ્વીજી ભ.ના દર્શન કરનાર માણસને તરત કાર્યસિદ્ધિ થાય છે.

* સ્વપ્નમાં પોતાના આંતરડાથી નગર અથવા ઘરને વિંટનારો માણસ રાજ્ય પામે છે.

* સ્વપ્નમાં મહેલ ઉપર ચડી ભોજન કરનાર અથવા સમુદ્રને તરનાર રાજ્ય પામે છે. અથવા ધનવાન થાય છે.

* સ્વપ્નમાં પુત્ર, પુષ્પ, ફળેલું વૃક્ષ, કન્યા, છત્ર, ધજાને જોનારા માણસના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થાય છે.

* સ્વપ્નમાં મનુષ્યના મસ્તક અને ઉત્તમ અંગના ભક્ષણ કરનારને રાજ્યલાભ થાય.

* પદ્મસરોવર ઉપર અથવા પદ્મિનીપત્ર ઉપર બેસીને ઘૃત ભક્ષણ કરનાર પૃથ્વિપતિ થાય.

* સ્વપ્નમાં ચકલી, કુકડી અને ક્રૌંચ પક્ષીથી ભંડાર ભર્યો દેખે તો ઉત્તમ સ્વરૂપવાળી સ્ત્રી પામે.
* પોતાને બન્ને બાજુથી બાંધેલો જુએ તો પુત્ર થાય.
* બ્રાહ્મણ સ્વપ્નમાં રુધિર, મધ અથવા તાજું દુધ પીતો જુએ તો વિદ્યા પામે. ક્ષત્રિય જુએ તો ધન પામે.
* સ્વપ્નમાં શ્વેત સર્પ દેખે તો દસ દિવસમાં હજાર ધન પામે.
* સ્વપ્નમાં કૃષ્ણ સર્પે ડસ્યો એમ જુએ તો દસ દિવસમાં મૃત્યુ પામે.
* સ્વપ્નમાં સર્પ, વીંછી કે જળો જુએ તો વિજય થાય.
* રોગવાળો માણસ સ્વપ્નમાં સૂર્યમંડળ કે ચંદ્રમંડળ જુએ તો રોગમુક્ત થાય નિર્ધન હોય તો ધનવાન થાય.
* સ્વપ્નમાં દેવપૂજા જોનારો માણસ વિજય વ્યવહારવાળો થાય છે.
* નાવથી નદી ઉતરનારો માણસ જલ્દી ઘરે પહોંચે છે.
* સ્વપ્નમાં જે માણસ વાળને વિષે સવા દેખે અથવા દાંત પડ્યા દેખે તો ધનનો નાશ થાય.

શુભ સ્વપ્ન જોઇને સૂવું નહિં..સૂઇ જવાથી તેનું ફળ મળતું નથી.શુભ સ્વપ્ન જોઇને ધર્મ જાગરીકા કરવી.

ખરાબ સ્વપ્ન આવે તો સૂઇ રહેવું.

પ્રથમ ખરાબ સ્વપ્ન આવે પછી સારું સ્વપ્ન આવે તો સારા સ્વપ્નનું ફળ મળે છે.

પ્રથમ શુભ સ્વપ્ન આવે અને પછી ખરાબ સ્વપ્ન આવે તો સારા સ્વપ્નનું ફળ નાશ પામે છે અને ખરાબ સ્વપ્નનું ફળ મળે છે.

હે દેવાનુપ્રિય રાજન ! ત્રિશલાદેવીએ ચૌદ મહાસ્વપ્ન જોઇને ધર્મ જાગરીકા કરી છે... પ્રભુનું નામ સ્મરણ

તથા સોળ ભાવનાઓનો સ્વાધ્યાય કર્યો છે તેથી એમને આ ચૌદ મહાસ્વપ્નનું ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થશે જ. સ્વપ્ન શાસ્ત્ર અનુસાર આ ચૌદ મહાસ્વપ્નનું ફળ અત્યંત ઉત્તમ શ્રેષ્ઠ છે જે નીચે પ્રમાણે છે.

પ્રથમ સ્વપ્નમાં હાથી દીઠો છે તે ચાર દંતશૂળ વાળો દીઠો છે. તેથી મહા પરાક્રમી તથા દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરનાર પુત્ર રત્ન થશે.

બીજા સ્વપ્નમાં વૃષભ જોયો છે, તેથી ધર્મધોરી પુત્ર થશે, તે જેમ ખેડૂતો ક્ષેત્રમાં બળદથી ધાન્યનું બીજ વાવે છે તેમ આ ભરતક્ષેત્રમાં ભવી જીવોનાં હૃદયરૂપી ક્ષેત્રમાં બોધિબીજને વાવશે.

ત્રીજા સ્વપ્નમાં સિંહ જોયો છે. તેથી કામદેવ આદિ દુષ્ટ હાથીઓને ભગાડી મૂકશે.

ચોથા સ્વપ્નમાં લક્ષ્મીદેવીને જોયા છે તેથી વરસીદાન આપી દીક્ષા લઇ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પામીને તીર્થંકર બની આઠ પ્રાતિહાર્યાદિ મહાલક્ષ્મીને ભોગવશે.

પાંચમાં સ્વપ્નમાં પુષ્પોની બે માળા જોઇએ છે. તેથી સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે પ્રકારનો ધર્મ કહેશે. અને ત્રણ ભુવનમાં પૂજાશે.

છઠ્ઠા સ્વપ્નમાં ચંદ્રમાં જોયો છે તેથી મનોહર દર્શનવાળો શાન્ત પ્રકૃતિવાળો થશે અને ત્રણ ભવનના જીવોને હર્ષ પમાડનાર થશે.

સાતમા સ્વપ્નમાં સૂર્ય દીઠો છે. તેથી જીવોના મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર અને ભામંડળથી વિભૂષિત થશે.

આઠમા સ્વપ્નમાં ધ્વજ જોયો છે તેથી કુલમાં ધ્વજ સમાન શ્રેષ્ઠ થશે. તથા એની આગળ ધર્મધ્વજ ચાલશે.

નવમા સ્વપ્નમાં પૂર્ણ કલશને જોયો છે તેથી સમગ્ર ગુણવાળો થશે. અને ધર્મરૂપી મહેલને સ્થિર કરશે.

દશમા સ્વપ્નમાં પદ્મસરોવર જોયું છે, તેથી જગતના તાપનો નાશ કરનાર થશે તથા દેવોએ રચેલા સૂવર્ણના કમળ ઉપર પગ મૂકીને ચાલનાર થશે.

અગિયારમાં સ્વપ્નમાં સમુદ્ર (સાગર) દીઠો તેથી ગંભીર થશે અને કેવળજ્ઞાન પામીને ચૌદ રાજલોકમાં રહેલા પદાર્થોના ભાવોને જાણશે.

બારમા સ્વપ્નમાં દેવવિમાન જોયું છે તેથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને દેવલોક સુધીના વૈમાનિક દેવોને પૂજવા યોગ્ય તથા સેવા કરવા યોગ્ય થાશે. તથા નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસીદેવોને આરાધવા યોગ્ય થશે.

તેરમા સ્વપ્નમાં રત્નરાશિ જોયો છે તેથી દેવોએ રચેલા ત્રણ ગઢવાળા સમવસરણમાં બિરાજમાન થશે અને ભવ્ય જીવોને ધર્મોપદેશ આપશે.

ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિ જોયો છે તેથી તેજસ્વી અને પોતાના આત્માની શુદ્ધિ કરનાર થશે તથા ભવિજીવોને શુદ્ધ કરનાર થશે.

ચૌદે મહાસ્વપ્નોનું એકઠું ફળ તો ચૌદ રાજલોકનો સ્વામી થશે. ચૌદ રાજલોકના અગ્રસ્થાનમાં રહેલ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરશે.

આપણે ઘણીવાર સ્વપ્ન નિહાળીએ છીએ પણ આપણે નિહાળેલા સ્વપ્નની પાછળ કોઈ સત્ય પણ છુપાયેલું હોઈ શકે છે ? ભાવિમાં બનનાર શુભ-અશુભ ઘટનાઓનો સંકેત એમાં હોઈ શકે છે? રાત્રીમાં નિહાળેલ સ્વપ્ન પણ આપણને જાગૃત જીવનમાં માર્ગદર્શન આપી શકે છે. આવી વાત આપણે ક્યારેય વિચારતા નથી..

ચિંતવતા નથી.. એને સમજવા પ્રયાસ કરતા નથી. પરંતુ આવી સર્વ ઘટનાઓ ઉપર કલ્પસૂત્ર સારો પ્રકાશ પાથરે છે.

આપણે કલ્પસૂત્ર અને સ્વપ્નશાસ્ત્રના આધારે ચૌદ સ્વપ્નનું બાહ્ય સ્વરૂપ એવં એનો અર્થ જાણ્યો. હવે આપણે સ્વપ્નમાં છૂપાયેલા રહસ્યને, આધ્યાત્મિક સ્વરૂપને જ્ઞાની ભગવંતોએ કરેલા ચિંતન દ્વારા જાણવા માટે ઉદ્યમશીલ બનીએ. શાસ્ત્રોમાં પરમાત્માની વાણીરૂપ શબ્દો છે એના સાચા રહસ્યો તો મહાપુરુષોના અંતરમાં છૂપાયેલા હોય છે આપણી યોગ્યતા અનુસાર જ આપણને જાણવા સમજવા મળે છે. જ્ઞાની-ગીતાર્થ મહાત્માઓએ કરેલા સંકેતાનુસાર આપણે જો એનું ઉંડાણથી ચિંતન - મનન કરીશું તો અવશ્ય આપણા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ મુજબ અંદરમાં પ્રકાશ થશે તથા ચૌદ સ્વપ્નના ગૂઢમાં ગૂઢ રહસ્યો આપણા સમક્ષ ખુલ્લા થઈને આપણા મોક્ષ માર્ગ ઉપર પ્રકાશ પાથરશે.

ચાલો ! સમજવા પુરૂષાર્થ આદરીએ.

## આત્મ સ્વરૂપી સ્વપ્ન વિજ્ઞાન

તીર્થંકરની માતા જે ચૌદ મહાસ્વપ્ન નિહાળે છે એ સામાન્ય કે કેવળ ભૌતિક ઋદ્ધિ દાયક સ્વપ્ન નથી પરંતુ ઉંડાણથી ચિંતન કરતા એમાં ઘણા બધા રહસ્યો સમાયેલા હોય એવું જણાય છે. ચૌદ મહાસ્વપ્નમાં સંપૂર્ણ મોક્ષમાર્ગ સમાયેલો છે. જીવની શિવસુધીની... નિગોદથી નિર્વાણ સુધીની અધ્યાત્મિક વિકાસની યાત્રા સમાયેલી છે. આપણે ચૌદ મહાસ્વપ્નને ચૌદ ગુણસ્થાનકની સાથે સરખાવી એના તુલનાત્મક અભ્યાસ દ્વારા આત્મસ્વરૂપી સ્વપ્ન વિજ્ઞાનને સમજવા પ્રયત્ન કરીશું.

**(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક અને ગજરાજ સ્વપ્ન** - મિથ્યાત્વ એ આત્મ અજ્ઞાનની અવસ્થા છે. પરંતુ આ અવસ્થાના અનેક વિભાગ થઇ શકે છે. ગાઢ મિથ્યાત્વી... સામાન્ય મિથ્યાત્વી... મંદ મિથ્યાત્વી. જીવ જ્યારે અજ્ઞાનદશામાંથી જ્ઞાનદશા તરફ પ્રયાણ કરે છે ત્યારે ધીરે - ધીરે આગળ વધે છે. રાત્રીના ગાઢ અંધકારનો નાશ પણ ધીરે ધીરે થાય છે તેમ જ્યારે જીવ ગાઢ મિથ્યત્વીમાંથી મંદ મિથ્યાત્વી બને છે ત્યારે એમાં અનેક ગુણોનો વિકાસ થાય છે. એને દાન-શીલ-તપ-ભાવ તરફ રુચિ નિર્માણ થાય છે. દાન-શીલ-તપ-ભાવ ગમે છે... એ દિશામાં એની પ્રવૃત્તિ પણ થાય છે એજ ગજરાજ સ્વપ્નનું ફળ છે. ચાર દંતશુળ વાળા ગજરાજ જીવનમાં દાન-શીલ-તપ ભાવનો પ્રવેશ સૂચવે છે.

**(૨) સાસ્વાદન ગુણસ્થાનક અને વૃષભ સ્વપ્ન** - સાસ્વાદન ચઢતું નહિં પણ પડતું ગુણસ્થાનક છે. સમ્યક્ત્વ પામ્યા પછીનું ગુણસ્થાનક છે. પડતાં પણ સમ્યગ્દર્શનનું આસ્વાદન અહિં હોય છે. તેથી અહિં હૃદયની કઠોરતા દૂર થઇ ત્યાં કોમળતા જોવા મળે છે. ખેતરમાં બીજ વાવતાં પહેલાં બળદની સહાયતાથી ખેતર ખેડવામાં આવે છે જેથી ખેતરની ભૂમિ કોમળ બને પાણીનો સંગ્રહ કરી શકે. આ સ્વપ્ન ધર્મના બીજ વાવવા આપણા હૃદયની ભૂમિને કોમળ બનાવવાનો સંદેશ આપે છે. વૃષભનું સ્વપ્ન બળદ જેમ સતત ખાધેલા ઘાસ આદિને વાગોળે છે તેમ આપણે પણ સતત ચિંતન-મનનમય જીવન બનાવવાનું છે.

**(૩) મિશ્ર ગુણ સ્થાનક અને કેશરી સિંહનું સ્વપ્ન** - અન્ય જીવો પ્રત્યે મૈત્રી-કરૂણાની ભાવના માટે જેમ હૃદયને કોમળ બનાવવું જરૂરી છે તેમ દોષોનો સામનો કરવા અને ગુણોને કેળવવા મજબૂત બનવાની પણ એટલી જ આવશ્યકતા છે. મિશ્ર ગુણસ્થાનકમાં જીવને ધર્મ પ્રત્યે રાગ પણ નથી દ્વેષ પણ નથી. ધર્મનું વાતાવરણ મળતાં

ધર્મમય બની જાય છે તો સંસારના પ્રસંગમાં સંસારમય પણ બને છે. આવા જીવોને સિંહનું સ્વપ્ન શુરવીર બનવા સાદ પાડે છે. કેશરી સિંહ પરાક્રમ, શુરવીરતા, નિડરતા અને ક્રૂરતા માટે પ્રસિદ્ધ છે. ચોથા ગુણસ્થાનકે પહોંચવા આ ગુણો વિકસાવવા રહ્યા. મોહનીય કર્મની સામે પરાક્રમ દાખવ્યા વગર... શુરવીર અને ક્રૂર બન્યા વિના આગળ વધી શકાતું નથી. '**કાયર તો કાદવમાં ખૂતા, શુરા પાર ઉતરશે.**'નો સંદેશ કેસરી સિંહ આપે છે.

(૪) **સમ્યગ્ દર્શન ગુણસ્થાનક અને લક્ષ્મીદેવીનું સ્વપ્ન** - જેને મેળવવા પડાપડી અને ચડસાચડસી થાય એવા સહુના માનીતા 'લક્ષ્મીદેવી' ચોથા મહાસ્વપ્ન તરીકે પધરાવવામાં આવે છે. આપણે જ્યાં સુધી આત્મદૃષ્ટિ નથી પામ્યા ત્યાં સુધી આ સ્વપ્નને પણ બાહ્ય-ભૌતિક લક્ષ્મી તરીકે જ ઓળખવાના, જોવાના, સમજવાના. પરંતુ આ તો આત્મલક્ષ્મી-મોક્ષલક્ષ્મી મેળવવાની ગેરંટી સ્વરૂપ ચતુર્થ ગુણસ્થાનકની સમ્યગ્દર્શન રૂપી લક્ષ્મી છે. બાહ્ય લક્ષ્મી તો ચંચળ છે. ક્ષણમાં આવે ક્ષણમાં જાય. પરંતુ સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મીનો જો એકવાર સ્પર્શમાત્ર પણ થઈ જાય તો એ મોક્ષરૂપી લક્ષ્મી અપાવીને જ રહે.

(૫) **દેશવિરતિ ગુણસ્થાનક અને બે પુષ્પમાળાનું સ્વપ્ન** - સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થતાં મોક્ષ નિશ્ચિત થઈ જાય છે. હવે બે પુષ્પની માળા જણાવે છે કે મોક્ષના માર્ગ બે જ છે. ત્રીજો મોક્ષનો માર્ગ નથી. કાં તો શ્રાવક બનો... કાં તો સાધુ બનો. શ્રાવક બનો તો તે દેશવિરતિ નામે પાંચમું ગુણસ્થાનક છે. સાધુ બનવાના સ્વપ્ન સાથે શ્રાવક જીવન જીવવા કટિબદ્ધ બનીએ એ જ આ સ્વપ્નનો સંદેશ છે.

(૬) **પ્રમત્ત સંયત ગુણસ્થાનક અને ચંદ્રનું સ્વપ્ન** - આ છઠ્ઠા ગુણસ્થાનકે સર્વ વિરતિ મળે... સાધુ બને પરંતુ સાથે પ્રમાદ હોય. ક્રિયામાં... ભાવોલ્લાસમાં... પરિણામોમાં વધઘટ જોવા મળે. એટલે જ એને ચંદ્રની સાથે

સરખાવવામાં આવ્યો છે. ચંદ્રની કળાઓમાં પ્રકાશમાં વધઘટ થતી રહે છે. સંયમ જીવન હોય એટલે ચંદ્ર જેવી શીતલતા હોય પરંતુ પ્રમાદના કારણે સ્થિરતા ન હોય. અંદરની દુનિયામાં ભરતી અને ઓટ ચાલ્યા કરે છે.

(૭) **અપ્રમત્ત સંયત ગુણસ્થાનક અને સૂર્યનું સ્વપ્ન** - સાતમા ગુણસ્થાનકમાં સર્વ વિરતિ છે સાથે સાથે પ્રમાદનો ત્યાગ થાય છે જેથી અપ્રમત્ત અવસ્થા પ્રગટ થાય છે. અપ્રમત્ત દશામાં આત્માનું તેજ સૂર્યની જેમ ઝગમગે છે. સૂર્ય પ્રકાશ અને જાગૃતિનો દ્યોતક છે. અપ્રમત્ત સંયત ગુણસ્થાનકનો સાધક અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે અને પળ પળ જાગૃત હોય છે. પરભાવમાંથી મુક્ત બનીને આત્માની સ્વભાવદશામાં સ્થિર બની જાય છે.

(૮) **અપૂર્વકરણ ગુણસ્થાનક અને ધ્વજનું સ્વપ્ન** - અપૂર્વ... ન પૂર્વ - પૂર્વે ક્યારેય ન અનુભવી હોય એવી અલૌકિક આનંદ અનુભવની અમુલ્ય ક્ષણ તે અપૂર્વકરણ છે. કહેવાય છે કે ચંદ્રલોક પર પ્રથમ પગ મુકનાર નીલ ઓમસ્ટ્રોંગે ત્યાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ગૌરવ અનુભવ્યો હતો. સાધક કર્મશત્રુ ઉપરની જીતને અપૂર્વકરણ ગુણસ્થાનકે નિશ્ચિત કરે છે. ક્ષપક શ્રેણી ઉપર આરૂઢ થાય છે તો એ ધ્વજા ફરકાવીને આનંદ માણે જ ને ?

(૯) **અનિવૃત્તિકરણ ગુણસ્થાનક અને પૂર્ણ કલશનું સ્વપ્ન** - પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ જ જીવનની ઘટમાળ છે. સંસારમાં પ્રવૃત્તિ એટલે ધર્મથી નિવૃત્તિ... ધર્મમાં પ્રવૃત્તિ એટલે સંસારથી નિવૃત્તિ. અહિં અનિવૃત્તિ છે એનો અર્થ ધર્મમાં એટલા આગળ વધી ગયા કે ત્યાંથી હવે પાછા ફરવાનું જ નથી. ધર્મની આવી અવસ્થામાં શું મળે તો કહે છે અમૃત કુંભ મળે. આત્માની અપૂર્ણતાને દૂર કરી પૂર્ણતાને પામવા સજ્જ બનેલા આત્માને મંગળના પ્રતિકરૂપ 'પૂર્ણ કલશ'ના દર્શન થાય છે. અમૃતનું આસ્વાદન અમરત્વ પ્રાપ્તિનો સંકેત આપે છે.

(૧૦) **સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક અને 'પદ્મ સરોવર'નું સ્વપ્ન** - સૂક્ષ્મ એટલે ચૂર્ણ સમાન અને સંપરાય

એટલે કષાય. સ્થુલ કષાયનો નાશ થવાથી હવે જ્યાં કેવળ કષાયનો સૂક્ષ્મ અંશ છે તે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક છે. જ્યાં કષાય છે ત્યાં તાપ-સંતાપ છે. અશાંતિ છે. પરંતુ સ્થુલ કષાયના નાશથી પરમ શાંતિ-સમાધિની પ્રાપ્તિ છે. પદ્મસરોવર સંસારના થાકેલા મુસાફરનો વિસામો છે. તરસ્યાને-તપેલાને ઠારનાર છે. કષાયથી સંતપ્ત બનેલાને શાંતિ-સમાધિ આપનાર છે.

**(૧૧) ઉપશાંત મોહ ગુણસ્થાનક અને 'સાગર-વહાણ'નું સ્વપ્ન** - ક્ષપક શ્રેણીવાળો આત્મા આ ગુણસ્થાનકે આવતો જ નથી. તે સીધો બારમા ગુણસ્થાનકે જાય છે. પરંતુ ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્રવાળો જીવ આ ગુણસ્થાનકે સૂક્ષ્મ લોભ કષાયના ઉદયથી ત્યાંથી નીચે પડે છે. ફરી ધર્મના આલંબનને પામી ક્ષપક શ્રેણી ઉપર ચડી મોક્ષગામી બની શકે છે. બસ સાગર અફાટ છે જીવ જરાક સાવધાની ચૂકે તો સીધો નીચે પડી શકે છે. ધર્મ વહાણ - નૌકા સમાન છે. એના આલંબનને મજબૂત પકડીને સતત જાગૃત બનીને આ સંસાર સાગરને આત્મ જાગૃતિના વહાણ દ્વારા તરવાનું છે.

**(૧૨) ક્ષીણ મોહ ગુણસ્થાનક અને દેવવિમાનનું સ્વપ્ન** - મોહ જેનો ક્ષીણ થઇ ગયો છે એવા જીવોનું ગુણસ્થાનક તે ક્ષીણ મોહ ગુણસ્થાનક. અહિં જીવ ચાર ગતિના ચક્રમાંથી મુક્ત થાય છે. દેવવિમાનને પણ ઓળંગીને તે હવે સિદ્ધશીલા તરફ પ્રયાણ કરે છે. આ ગુણસ્થાનકે જીવ મરતો નથી તેથી હવે તે કેવળજ્ઞાન પામીને રહે છે. દેવવિમાનના સુખોથી અનંત ગુણા આત્મિક સુખોનો તે સ્વામી બને છે. દેવો હવે એના સેવક બનીને ચરણ પૂજશે એમ જણાવે છે.

**(૧૩) સયોગી કેવલી ગુણસ્થાનક અને 'રત્નની રાશિ'નું સ્વપ્ન** - ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાનરુપી

રત્નની રાશિને જીવ પામે છે. એક અલૌકિક પળે આત્મરત્ન ઝળહળી ઉઠે છે એના તેજની સામે વિશ્વના સર્વ રત્નોની રાશિ ઝાંખી પડી જાય છે. કેવળજ્ઞાનના તેજની સરખામણીમાં આવી શકે એવું કોઇ રત્ન વિશ્વમાં નથી. આ અવસ્થા મન-વચન-કાયાના યોગ સહિત છે તેથી સયોગી કેવલી અવસ્થા છે.

**(૧૪) અયોગી કેવલી ગુણસ્થાનક અને 'નિર્ધૂમ અગ્નિ'નું સ્વપ્ન -** નિર્ધૂમ એટલે ધુમાડા રહિત... આવો અગ્નિ કયો ? ગેસના ચુલાનો ? ના... ના... અધ્યાત્મિક વિશ્વમાં ધ્યાનને અગ્નિની ઉપમા આપવામાં આવે છે. બાહ્ય અગ્નિ જેમ બધું જ બાળીને ભસ્મીભૂત કરે છે તેમ ધ્યાનરૂપી અગ્નિ બધા જ કર્મોને બાળીને એનો નાશ કરે છે. અહિં સાધક શુક્લ ધ્યાન રૂપી અગ્નિને પ્રગટાવે છે એમાં સર્વ અઘાતિ કર્મોને બાળીને સંસારને છેલ્લી સલામી ભરી સિદ્ધશીલાની ઉપર સાદિ-અનંતના શાશ્વત સ્થાનને પામે છે.

* * * * *

આવી રીતે આપણે તીર્થંકર પરમાત્માની માતા જે ચૌદ સ્વપ્નને જુએ છે એમનું બાહ્ય સ્વરૂપ એમનો અર્થ અને એમનું આધ્યાત્મિક સ્વરૂપ વિચાર્યું. હવે પરમાત્માના જન્મ મહોત્સવ દરમ્યાન ચૌદ સ્વપ્નને ઉતારતી વખતે આ બધી વિચારણાઓને લક્ષ્યમાં રાખીને જો સ્વપ્નોત્સવ ઉજવીએ તો એક એક સ્વપ્ન ઉતારતાં મોક્ષ માર્ગ ઉપર એક એક પગલું આગળ વધીએ... એક - એક ગુણસ્થાનકના ગુણોને પામવા માટે ઉત્સાહમાં વૃદ્ધિ કરીએ. આત્માનંદથી પરમાનંદ પ્રાપ્તિ સાથે પ્રભુ જન્મોત્સવને આત્મ જાગૃતિ મહોત્સવ બનાવવા કટિબદ્ધ બનીએ. આત્મ જાગૃતિ સાથે ભવ્યોત્સવ સહ પરમાત્માના જન્મનું વાંચન સાંભળતા સાંભળતા જીવન ધન્ય ધન્ય બની જાય છે.

જે દિવસથી પ્રભુ મહાવીરસ્વામિ હરિણૈગમેષિ દેવ વડે જ્ઞાતકુલમાં સંહરાયા તે દિવસથી માંડીને કુબેર

નામના ઈંદ્રના ભંડારીની આજ્ઞા માનનારા ઘણા એવા તિર્ચ્છા લોકમાં વૈતાઢ્ય પર્વતની મેખલાને વિષે રહેનારા વ્યંતરનિકાયના તિર્યંગ્જૃંભક દેવો ઇન્દ્રના હુકુમથી પૃથ્વીમાં દટાયેલાં જુના જે મહાનિધાનો હતાં, સર્વ પ્રકારના સ્થાનોમાં કૃપણ પુરુષોએ પૂર્વે દાટેલાં જે નિધાનો હતાં તે સર્વ ધનના નિધાનોને સિદ્ધાર્થરાજાના ઘરને વિષે લાવીને મૂકે છે.

પ્રભુ જ્ઞાતકુલમાં સંહરાયા તે દિવસથી જ્ઞાતકુલ સોનાથી, રૂપાથી, રાજ્યથી, ધનથી, ધાન્યથી, રત્નોથી, મણિઓથી, સૈન્યથી સન્માન-સત્કારથી, યશ-કિર્તિથી, મનની પ્રસન્નતાદિથી અતિ ઘણું - અતિ ઘણું વૃદ્ધિ પામ્યું તેથી માતા-પિતાના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે જ્યારથી આ બાળક ગર્ભરૂપે ઉત્પન થયો છે ત્યારથી અમે બધી રીતે વૃદ્ધિ પામ્યા છીએ તેથી બાળક જન્મ પામશે ત્યારે અમે એ બાળકનું ધનાદિ વૃદ્ધિને અનુસરતું ગુણવાળું **"વર્ધમાન"** એવું નામ રાખશું.

ગર્ભમાં રહેલા પ્રભુ વિચાર કરે છે કે હું જ્યારે હાલું-ચાલું છું, અંગ હલાવું છું ત્યારે માતાને પીડા થાય છે તેથી માતાની ભક્તિ અર્થે હું નિશ્ચલ રહું. પ્રભુ નિશ્ચલ રહ્યા એનું વિપરીત પરીણામ આવ્યું. માતા વિચારવા લાગી પૂર્વે મારો ગર્ભ હાલતો ચાલતો હતો હવે હાલતો - ચાલતો નથી તેથી અવશ્ય મારો ગર્ભ ગળી ગયો છે. ગર્ભના હલન માટે ઘણા પ્રયત્ન કર્યા. બાધા-આખડીઓ રાખી, પરિણામ શુન્ય આવ્યું. તેવા સમયે ત્રિશલા માતા પ્રથમ દૈવને ઓલંભો આપે છે પછી પોતાની જ ભૂલો શોધવા પ્રયત્ન કરે છે.

હે દૈવ ! તને ધિક્કાર થાઓ, મારા મનરૂપી ભૂમિમાં ઉપન્ન થયેલા મનોરથરુપ કલ્પવૃક્ષને ઉખેડી નાખ્યું

છે. મને મેરૂપર્વત ઉપર ચડાવીને નીચે ફેંકી દીધી છે.. તે મને દુઃખની ખાણ પ્રાપ્ત કરી દિધી છે.. મને આંખ આપીને ખેંચી લીધી છે.. તેં મને નિધાન આપીને પાછું લઇ લીધું છે.. મુખમાં આવેલો કોળીયો ખેંચી લીધો... મારું વહાણ ભરસમુદ્રમાં ડૂબાડી દીધું છે... મારું પુત્ર રુપી રત્ન હરી લીધું. અરે દૈવ ! તું નિર્લજ્જ છો... નિર્દય છો... તારામાં કરુણા-દયા નથી.

હવે વિચારે છે દૈવને ઓલંભો આપવાથી શું ? રે જીવ ! તેં જ પૂર્વભવમાં અઘોર પાપ કર્યા હશે. ધાવતા નાના છોરુ-વાછરુને માતાથી વિયોગ પમાડ્યો હશે.. વૃક્ષની ડાળીઓ ભાંગી હશે... સરોવરની પાળ ફોડી હશે... દવ લગાવ્યો હશે... પક્ષીઓને પાંજરામાં પૂર્યા હશે.. તેમની માતાઓનો વિયોગ પમાડ્યો હશે... પંખીઓના માળા પાડ્યા હશે... ઇંડા ફોડ્યા હશે... બાલહત્યાદિ પાપ કર્યા હશે... ગર્ભ પડાવ્યા હશે... ગર્ભ સ્તંભન કરાવ્યા હશે... વશીકરણ કરાવ્યા હશે... તારો પુત્ર મરણ પામો એવા શ્રાપ આપ્યા હશે... મુનિઓને સંતાપ્યા હશે... મંદિર પડાવ્યા હશે... ગુરુના અવર્ણવાદ બોલ્યા હશે... એવી રીતે મારા જીવે પાપ કર્મ કર્યા હશે તે પાપકર્મ હમણાં મને ઉદયમાં આવ્યા છે તેથી મારો ગર્ભ ગળી ગયો છે.

શું આપણે આપણા પાપોદયમાં આવી વિચારણા કરીએ છીએ ? સ્વનું દોષ દર્શન કે પર ઉપર દોષારોપણ ? પોતાની ભૂલ દેખાય તો પશ્ચાતાપ અને કર્મ નિર્જરા થાય. બીજા ઉપર દોષારોપણ કરવાથી દ્વેષની પરિણતી વધે, કર્મબંધન થાય.

પ્રભુ મહાવીરસ્વામિના જીવે અવધિજ્ઞાનથી આ જાણ્યું અને મોહની દશાનો વિચાર કરવા લાગ્યા. મેં જે

માતાના સુખ માટે કર્યું તે મોહના કારણે માતાના દુઃખ માટે પરિણમ્યું. માતાએ મને જોયો નથી છતાં પણ આવો મોહ છે તો જન્મ્યા પછી જેમ જેમ મોટો થઈશ તેમ તેમ મોહમાં વૃદ્ધિ થશે. માતાને છોડીને જઈશ તો માતાને દુઃખ થશે. તેમજ પોતાના જ્ઞાનથી પોતાની દીક્ષાનો સમય જાણે છે, તેથી ગર્ભમાં રહેલા પ્રભુ અભિગ્રહ ધારણ કરે છે કે ''માતા-પિતાના જીવતા હું સંયમ લઈશ નહિં.'' આપણે એ જાણીને એવી વિચારણા કરવાની નથી. પ્રભુ લોકોત્તર પુરૂષ કહેવાય. લોકોત્તર પુરૂષ કરે તે કરવાનું ન હોય પણ કહે તે કરવાનું હોય છે.

માતા પ્રત્યેની ભક્તિથી પોતાનો અંગુઠો સ્હેજ હલાવે છે. ત્રિશલામાતા આનંદ-હર્ષ પામ્યા. ના.. ના.. મારો ગર્ભ ગળ્યો નથી - પડ્યો નથી. મારો ગર્ભ સુરક્ષિત છે. પહેલા ફરકતો ન હતો. હવે ફરકે છે. ગર્ભનું કુશલપણું જાણી ફરી સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો.

## ગર્ભવતી આહારવિધિ

હવે ત્રિશલારાણી નિત્ય સ્નાન કરી, પૂજા કરી, કૌતુક માંગલ્ય કરી, સર્વ પ્રકારના આભૂષણોથી સુશોભિત થઈ ગર્ભને નહિં અતિ ઠંડા, નહિં અતિ ગરમ, નહિં અતિ તિખાં, નહિં અતિ કડવાં, નહિં અતિ કષાયેલા, નહિં અતિ ખાટાં, નહિં અતિ મીઠા, નહિં અતિ લુખા, નહિં અતિ ચિકણાં એવા સર્વ ઋતુઓમાં સેવવાથી સુખકારી એવા ભોજનવિધિથી, જે આહાર ગર્ભને હિતકારી, માનકારી અને આરોગ્યનું કારણ હોય તે આહારથી ગર્ભનું પોષણ કરતા સમય વીતાવે છે.

ગર્ભવતી સ્ત્રીના વ્યવહારની ગર્ભ ઉપર શું અસર થાય તે જણાવતાં કહે છે કે ગર્ભવતી સ્ત્રી દિવસે બહુ સૂવે તો ગર્ભ ઘણું ઉંઘણશી થાય... આંખોમાં બહું અંજન કરે તો બાળક આંધળું થાય... તેલનું મર્દન કરાવે તો બાળક કોઢ રોગવાળો થાય... નખ ઉતારવાથી બાળક નખ વિનાનું થાય... રોવાથી બાળકની આંખે રોગ ઉત્પન્ન થાય... બહુ દોડવાથી બાળક ચપળ થાય. અથવા ગર્ભપાત થાય... ઘણું હસવાથી બાળકના દાંત, જીભ, હોઠ, તાળવું કાળા થાય... બહુ બોલવાથી બાળક બકવાદ કરનારો લબાડ થાય... બહુ ગીત વિગેરે સાંભળવાથી બાળક બહેરો થાય... એટલે ગર્ભવતી સ્ત્રીએ આવા વ્યવહારથી દૂર રહેવું જોઇએ.

ગર્ભવતી સ્ત્રીએ તો જે દેશમાં જે વસ્તુ પાચન થતી હોય, જે કાળમાં જે વસ્તુ ગુણકારી હોય તેજ વસ્તુ નિશ્ચે વાપરવી. બધા મીઠા પદાર્થો બુદ્ધિ દેનારા છે... બધા ખારા પદાર્થો મળનો નાશ કરનારા છે... બધા કષાયેલા પદાર્થો જુલાબ કરનારા છે... બધા ખાટા પદાર્થો ઝેર સમાન છે.

## ત્રિશલારાણીના દોહલા

ઉત્તમ ગર્ભના પ્રભાવથી ત્રિશલારાણીને વખાણવા લાયક દોહલા ઉત્પન્ન થાય છે. પ્રભુ ગર્ભમાં આવ્યા પછી ત્રિશલાદેવીને કેવા કેવા મનોરથો ઉત્પન્ન થાય છે તે જણાવતાં કહે છે ‘‘હું સુપાત્રદાન આપું... હું સાધર્મિક ભક્તિ કરું... હું પૃથ્વીને ઋણમુક્ત કરું... હું ધર્મશાળાઓ બનાવું... હું સર્વ જીવોને અભયદાન આપું... યાચકોને ઇચ્છિત વસ્તુ આપું... દાનશાળા મંડાવું... કેદિઓને મુક્ત કરું... તીર્થયાત્રાઓ કરું... ધર્મધ્યાન-શુક્લધ્યાન ધ્યાવું... આવા અનેક શુભ ભાવો - મનોરથ ઉત્પન્ન થતા તે બધા જ સિદ્ધાર્થ રાજા પૂર્ણ

કરતા તેથી તે ત્રિશલાદેવી સંપૂર્ણ દોહલાવાળા થયા. સિદ્ધાર્થ રાજાએ સન્માન પૂર્વક બધા દોહલા પૂર્ણ કર્યા તેથી ત્રિશલાદેવી સન્માનિત દોહલાવાળા થયા. સર્વ વાંછિતોને સિદ્ધાર્થ રાજાએ પૂર્ણ કર્યા તેથી તે વાંછિત પૂર્ણ થયેલા દોહલાવાળા થયા.

આવા ત્રિશલાદેવીને એકદા ઇંદ્રાણીના કુંડલ પહેરવાનો દોહદ ઉત્પન્ન થયો. પરંતુ તે પૂર્ણ ન થવાથી ત્રિશલાદેવી દૂબળા થવા લાગ્યા. ઇન્દ્ર મહારાજાએ આ વાત અવધિજ્ઞાનથી જાણી. તેથી તે ક્ષત્રિયકુંડ નગરની પાસે પર્વત ઉપર ઇન્દ્રપૂરી નામની નગરી વસાવીને પરિવાર સહિત ત્યાં રહ્યા. પોતાના સેવકો દ્વારા ક્ષત્રિયકુંડ નગરીમાં ઉપદ્રવ કરાવવા લાગ્યા. તેથી સિદ્ધાર્થ રાજા પોતાના સૈન્યને લઇને યુદ્ધ કરવા આવ્યા. પોતે સબળ હોવા છતાં ઇન્દ્ર હારીને નાશી જવા લાગ્યા. ઇન્દ્રાણીઓ પણ નાસવા લાગી. સિદ્ધાર્થ રાજાએ એમને પકડીને એમના કુંડલ લઇ લીધા. ઇન્દ્રપુરી નગરી પણ લુંટી લીધી. પછી નગરમાં આવીને ત્રિશલારાણીના ઇન્દ્રાણીના કુંડલ પહેરવાના દોહદને પૂર્ણ કર્યો.

એવી રીતે સુખપૂર્વક ગર્ભકાળને પૂર્ણ કરતા ત્રિશલારાણી રહેલા છે ત્યારે ચૈત્ર સુદિ તેરસના દિવસે નવમાસ પૂર્ણ થયા અને તે ઉપર સાડા સાત દિવસ પસાર થયા. અહિં ચોવિસ તીર્થંકરની ગર્ભસ્થિતિ જણાવે છે. શ્રી ૠષભદેવ પ્રભુ નવ માસ ચાર દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી અજીતનાથ પ્રભુ આઠ માસ પચ્ચીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી સંભવનાથ પ્રભુ નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી અભિનંદન પ્રભુ આઠ માસ અઠ્યાવીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી સુમતિનાથ પ્રભુ નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી પદ્મપ્રભસ્વામિ

નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ નવ માસ ઓગણીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી ચંદ્રપ્રભસ્વામિ નવ માસ સાત દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી સુવિધિનાથ પ્રભુ આઠ માસ છવીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી શીતલનાથ પ્રભુ નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા...શ્રી શ્રેયાંસનાથ પ્રભુ નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા...શ્રી વાસુપૂજ્ય સ્વામિ આઠ માસ વીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી વિમલનાથ પ્રભુ આઠ માસ એકવીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી અનંતનાથ પ્રભુ નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી ધર્મનાથ પ્રભુ આઠ માસ છવીસ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી શાંતિનાથ પ્રભુ નવ માસ છ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી કુંથુનાથ પ્રભુ નવ માસ પાંચ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી અરનાથ પ્રભુ નવ માસ આઠ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી મલ્લીનાથ પ્રભુ નવ માસ સાત દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી મુનિસુવ્રતસ્વામિ નવ માસ આઠ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી નમિનાથ પ્રભુ નવ માસ આઠ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી નેમિનાથ પ્રભુ નવ માસ આઠ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી પાર્શ્વનાથ પ્રભુ નવમાસ છ દિવસ ગર્ભમાં રહ્યા... શ્રી મહાવીરસ્વામિ પ્રભુ નવ માસ સાડાસાત દિવસ ગર્ભમાં રહ્યા...

જન્મ સમયે ગ્રહ ઉચ્ચ – નીચ સ્થાનમાં હોય તેની અસર જાતક ઉપર થાય છે તે જણાવતાં કહે છે જો ત્રણ ગ્રહ ઉચ્ચ સ્થાનમાં હોય તો રાજા થાય... પાંચ ગ્રહ ઉચ્ચ સ્થાનમાં હોય તો તીર્થંકર થાય. ત્રણ ગ્રહ નીચ સ્થાનકે હોય તો દાસ થાય.. ત્રણ ગ્રહો સ્વસ્થાને હોય તો મંત્રી થાય.. ત્રણ ગ્રહ અસ્ત થયેલા હોય તો જડ થાય.

અહીં પ્રભુ મહાવીરસ્વામીના જન્મ સમયે આઠ ગ્રહો ઉચ્ચના છે તે જણાવે છે – સૂર્ય મેષનો ઉચ્ચ...

ચંદ્ર વૃષભનો ઉચ્ચ... મંગળ મકરનો ઉચ્ચ... બુધ કન્યાનો ઉચ્ચ... ગુરુ કર્કનો ઉચ્ચ... શુક્ર મીનનો ઉચ્ચ... શનિ તુલાનો ઉચ્ચ.. રાહુ મિથુનનો ઉચ્ચ. એમ સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં આવ્યા છે ત્યારે મધ્યરાત્રિના સમયે...

રજોવૃષ્ટિ વિગેરે ઉપદ્રવ રહિત સર્વ દિશાઓ તેજોમય અને દિગ્દાહ વિનાની થઇ છે... સર્વ શકુનો જયકારી થયા છે... પ્રદક્ષિણાને અનુકુળ અને ભૂમિને સ્પર્શ કરતો એવો વાયુ વહી રહ્યો છે... પાકેલા ધાન્યથી પૃથ્વી સુશોભિત થયેલી છે... સુભિક્ષ વિગેરેથી આનંદ પામવાને લીધે વસંત ઉત્સવાદિમાં લોકો ક્રિડા કરી રહ્યા છે... મધ્યરાત્રિના અવસરે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયો છે... ચૌદ રાજલોકમાં ઉદ્યોત થયો છે... નારકીના જીવોને પણ અંતર્મુહૂર્ત શાતા વર્તી રહી છે... સર્વ જીવોને સુખ શાતા વર્તી રહી છે... મંદ મંદ વાયુ વહી રહ્યો છે... સર્વત્ર આનંદ આનંદ વર્તી રહ્યો છે...ઉત્તમ અવસરે બાધા રહિત ત્રિશલારાણીએ બાધા રહિત પુત્રને જન્મ આપ્યો.

**પ્રભુ મહાવીરનો જન્મ થયો.**